


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક


Volume : 18
Issue : 035
Dt.: 13-10-2025,
Monday
Page : 04
Rs.00.50 paisa



EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in







### ઈજિપ્તમાં ટ્રમ્પ સાથે પણ થઈ શકે છે મુલાકાત

# ગાઝા શાંતિ સમિટ માટે વડાપ્રધાન મોદીને આમંત્રણ

## ઈજિપ્તના પ્રમુખ ફરાહ અલ સિસીએ મોદીને શાંતિ સમજૂતી પર હસ્તાક્ષરના કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રણ મોકલ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય પૂર્વમાં ગાઝા સંઘર્ષ પર લાંબા સમયથી ચાલી રહેલી શાંતિ પ્રક્રિયાના ભાગરૂપે, ઈજિપ્તના પ્રમુખ ફરાહ અલ સિસીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને શાંતિ સમજૂતી પર હસ્તાક્ષરના કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રણ મોકલ્યું છે. આ શાંતિ શિખર સંમેલન ઈજિપ્તના જાણીતા રિસોર્ટ શહેર શર્મ અલ શેખમાં યોજાઈ રહ્યું છે, જે આંતરરાષ્ટ્રીય બેઠકો માટે જાણીતું છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સહિત વિશ્વભરના લગભગ ૨૦ જેટલા નેતાઓ આ સમારોહમાં ભાગ લેવાના છે. જોકે, વડાપ્રધાન મોદી આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ઈજિપ્ત જશે કે કેમ તે હજી સ્પષ્ટ થયું નથી. હાલમાં, ભારત તરફથી વિદેશ રાજ્ય મંત્રી કીર્તિવર્ધન સિંહ ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે ઈજિપ્ત જશે તેવું પહેલાથી જ નક્કી છે.

ભારતે હંમેશા શાંતિ અને સંયમનું સમર્થન કર્યું છે. ભારત ઈઝરાયલ અને પેલેસ્ટાઈન બંને સાથે સારા સંબંધો રાખે છે. જેના માટે ભારતનું આ શાંતિ પ્રક્રિયામાં ભાગ લેવું મહત્ત્વનું છે.

ગાઝામાં લાંબા સમયથી ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે હજારો લોકોના મોત થયા છે અને ભારે વિનાશ થયો છે. હવે બંને પક્ષો વચ્ચે શાંતિ કરાર પર ઔપચારિક રીતે હસ્તાક્ષર થવાના છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ માટે ૨૦ સૂત્રીય યોજના રજૂ કરી છે. જેમાં મુખ્યત્વે યુદ્ધવિરામ, સેના પાછી ખેંચવી, બંધકોની મુક્તિ અને ગાઝામાં લાંબા સમય સુધી સ્થાયી શાંતિ જાળવી રાખવાના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

હમાસે આ પ્લાનને માનવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. હમાસના નેતાઓએ તેને 'હાસ્યાસ્પદ' જણાવ્યું છે. હમાસનું કહેવું છે કે, તે પોતાના હથિયાર હેઠાં નહીં મૂકે અને ન તો ગાઝા છોડીને જશે. હમાસને લાગે છે કે, આ કરાર તેના માટે નુકસાનકારક છે.

ઈઝરાયલના પ્રમુખ નેતન્યાહૂ પણ આ કરારને લઈને સંપૂર્ણપણે આશ્વત નથી. તેમની પણ અમુક શરતો છે અને તે ઈચ્છે છે કે, હમાસ સંપૂર્ણ રીતે નિષ્ક્રિય બની જાય.

ડોનાલ્ડ ટ્રમ્પનું માનવું છે કે, આ પ્લાન મધ્ય પૂર્વમાં સ્થાયી શાંતિ સ્થાપવાની સૌથી સારી રીત છે. પરંતુ, હજુ અનેક રાજકીય અને સુરક્ષાની સમસ્યાઓ છે જેનો ઉકેલ લાવવાનો બાકી છે.

# તાલિબાને જમ્મુ-કાશ્મીરને ભારતનો હિસ્સો ગણાવતા પાકિસ્તાન લાલઘૂમ: મુત્તાકીના નિવેદન પર ખિજાયું

### પાકિસ્તાને વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, આ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવોનું ઉલ્લંઘન કરે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પાકિસ્તાને ભારત-અફઘાનિસ્તાનના સંયુક્ત નિવેદનનો સખત વિરોધ વ્યક્ત કર્યો છે અને ઈસ્લામાબાદમાં તૈનાત અફઘાન રાજદૂતને બોલાવીને ઔપચારિક રીતે પોતાનો વાંધો નોંધાવ્યો છે. પાકિસ્તાને પોતાના નિવેદનમાં જમ્મુ અને કાશ્મીરને ભારતના ભાગ તરીકે વર્ણવવા સામે વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, આ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવોનું ઉલ્લંઘન કરે છે. અફઘાન વિદેશ મંત્રી મૌલવી આમીર ખાન મુત્તાકીની ભારત મુલાકાત પછી જાહેર કરાયેલા ભારત-અફઘાનિસ્તાન સંયુક્ત નિવેદન પછી પાકિસ્તાનની આ પ્રતિક્રિયા સામે આવી છે.

પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સંયુક્ત નિવેદનમાં જમ્મુ અને કાશ્મીરને ભારતનો ભાગ જાહેર કરવું એ સંબંધિત સંયુક્ત રાષ્ટ્રના ઠરાવો અને જમ્મુ અને કાશ્મીરની કાનૂની સ્થિતિની વિરુદ્ધ છે. તે ભારતના ગેરકાયદે કબજા હેઠળ જમ્મુ અને કાશ્મીરના લોકોના બલિદાન અને લાગણીઓ પ્રત્યે અસંવેદનશીલ છે.

પાકિસ્તાને અફઘાનિસ્તાનના વિદેશ મંત્રીના એ નિવેદનનું પણ ખંડન કર્યું જેમાં તેમણે કહ્યું હતું કે, આતંકવાદ પાકિસ્તાનની આંતરિક સમસ્યા છે. પાકિસ્તાને દાવો કર્યો હતો કે તેણે વારંવાર અફઘાનિસ્તાનને અફઘાન ધરતી પરથી પાકિસ્તાન વિરુદ્ધ કાવતરું ઘડતા આતંકવાદી જૂથો વિશે માહિતી પૂરી પાડી છે. અફઘાનિસ્તાનની વચગાળાની સરકાર આતંકવાદને નિયંત્રિત કરવાની જવાબદારીમાંથી પોતાને મુક્ત કરી શકે નહીં. પાકિસ્તાનમાં રહેતા અનધિકૃત અફઘાન નાગરિકો માટે તેમના દેશમાં પાછા ફરવાનો સમય આવી ગયો છે.

૧૦ ઓક્ટોબરે વિદેશ મંત્રી એસ. જયશંકર અને અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી મૌલવી અમીર ખાન મુત્તાકી વચ્ચેની વાતચીત બાદ જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનમાં પ્રાદેશિક શાંતિ, સ્થિરતા અને આતંકવાદ વિરોધી સહયોગ પર ચર્ચા કરવામાં આવી હતી. ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા અંગે અફઘાનિસ્તાનની નિંદા અને ભારત સાથે એકતા બદલ ભારતે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

બંને દેશોએ સ્પષ્ટપણે તમામ પ્રકારના આતંકવાદની નિંદા કરી હતી અને પ્રાદેશિક સાર્વભૌમત્વ અને પરસ્પર વિશ્વાસના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. અફઘાનિસ્તાને ભારત વિરુદ્ધ કોઈપણ પ્રવૃત્તિઓ માટે તેના પ્રદેશનો ઉપયોગ ન થવા દેવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

સંયુક્ત નિવેદન મુજબ, ભારતે અફઘાનિસ્તાનમાં અનેક આરોગ્ય પ્રોજેક્ટ્સની જાહેરાત કરી છે.

કાબુલમાં ઈન્દિરા ગાંધી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાઈલ્ડ હેલ્થમાં થેલેસેમિયા સેન્ટર અને આધુનિક ડાયગ્નોસ્ટિક લેબ, બગરામી જિલ્લા અને કાબુલમાં ૩૦ બેડની હોસ્પિટલ, ઓંક્રોલોજી અને ટ્રોમા સેન્ટર તેમજ પક્તિકા, ખોસ્ત અને પક્તિયા પ્રાંતોમાં પાંચ મેટરનિટી હેલ્થ ક્લિનિક્સ બનાવવામાં આવશે. ભારતે અત્યાર સુધીમાં ૭૫ અફઘાન નાગરિકોને કૃત્રિમ અંગો પૂરા પાડ્યા છે, આ પગલાને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસા મળી છે.

# બિહારમાં ચૂંટણી વચ્ચે પ્રશાંત કિશોર મુશ્કેલીમાં ફસાયા: રાઘોપુરમાં કેસ દાખલ

(સંપૂર્ણ સમાચાર સેવા)પટના

જન સુરાજ પાર્ટીના સ્થાપક અને બિહાર વિધાનસભા ચૂંટણીમાં જોરશોરથી પ્રચાર કરી રહેલા પ્રશાંત કિશોર વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે. વૈશાલી જિલ્લાના રાઘોપુર પોલીસ સ્ટેશનમાં આદર્શ આચાર સંહિતાના ઉલ્લંઘન બદલ તેમની સામે ફરિયાદ નોંધાઈ છે.

આરોપ છે કે પ્રશાંત કિશોર શનિવારે જ્યારે રાઘોપુર પહોંચ્યા, ત્યારે તેઓ સેંકડો વાહનોના કાફલા સાથે હતા, જે આચાર સંહિતાનો ભંગ ગણાય છે. અંચલાધિકારીની અરજીના આધારે આ મામલો દાખલ કરવામાં આવ્યો છે.

પ્રશાંત કિશોરે શનિવારે આરજેડી નેતા તેજસ્વી પ્રસાદ યાદવના ગઢ ગણાતા રાઘોપુર વિધાનસભા વિસ્તારથી પોતાના ચૂંટણી અભિયાનની શરૂઆત કરી. આ વિસ્તાર પટનાથી લગભગ ૫૦ કિલોમીટર દૂર ગંગાની બીજી પાર આવેલો છે અને તેજસ્વી યાદવનો પારંપરિક મતવિસ્તાર માનવામાં આવે છે. રાઘોપુરમાં કાર્યકર્તાઓએ ઢોલ-નગારા અને ફૂલ-હારથી પ્રશાંત કિશોરનું જોરદાર સ્વાગત કર્યું હતું.






# છોકરીઓને રાતે ઘરની બહાર ન જવા દેવું જોઈએ: મમતા બેનરજીના નિવેદનથી વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં MBBSની વિદ્યાર્થિની સાથે હોસ્પિટલ પરિસરમાં થયેલા ગેંગરેપના મામલા બાદ હવે મુખ્યમંત્રી મમતા બેનરજીએ આજે એક વિવાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, છોકરીઓને રાતે ઘરની બહાર ન જવા દેવું જોઈએ. પશ્ચિમ બંગાળના પશ્ચિમ વર્ધમાન જિલ્લાની એક પ્રાઈવેટ મેડિકલ કોલેજની વિદ્યાર્થિની સાથે ગેંગરેપનો મામલો સામે આવ્યો છે. છોકરી ઓડિસાની રહેવાસી છે અને તે રાતે પોતાના મિત્રો સાથે ડિનર કરવા માટે ગઈ હતી, ત્યારે અચાનક ત્રણ અજાણ્યા લોકો ત્યાં પહોંચ્યા અને મેડિકલ કોલેજના કેમ્પસમાં જ તેની સાથે ગેંગરેપ કર્યો. આ ઘટના દરમિયાન છોકરીનો મિત્ર ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ મામલે પોલીસે રવિવારે ત્રણ લોકોની ધરપકડ કરી છે. પોલીસે આ ઘટનામાં શંકાસ્પદ ભૂમિકાના કારણોસર એક અન્ય વ્યક્તિને પણ કસ્ટડીમાં લીધો છે. હવે મમતા બેનરજીએ આ છોકરી સાથે થયેલા ગેંગરેપના મામલા બાદ મૌન તોડ્યું છે અને કહ્યું કે, છોકરીઓને રાતે ઘરની બહાર ન જવા દેવું જોઈએ. આ મામલે સરકારને ઢસેડવું યોગ્ય નથી. કારણ કે છોકરીની સુરક્ષા સુનિશ્ચિત કરવાની જવાબદારી પ્રાઈવેટ મેડિકલ કોલેજની હતી. પોલીસે ધરપકડ કરેલા ત્રણેય આરોપીઓની ઓળખ હજુ જાહેર નથી કરી. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, અમે આ મામલે ત્રણ લોકોની ધરપકડ કરી છે અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ ખૂબ જ સંવેદનશીલ મામલો છે અને અમે આગળની જાણકારી બાદમાં આપીશું. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, ત્રણેય આરોપીઓના મોબાઈલ ફોન પણ જપ્ત કરી લેવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે, દુર્ગાપુર સ્થિત પ્રાઈવેટ મેડિકલ કોલેજની આસપાસના ગામોમાં મોટા પાયે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. પોલીસે ઘટનાસ્થળની આસપાસના જંગલ વિસ્તારમાં રાતભર સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું.આ વિસ્તારના જંગલોમાં સર્ચ માટે ડ્રોનનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પોલીસે શનિવારે જણાવ્યું હતું કે ઓડિશાની એક મેડિકલ વિદ્યાર્થિની સાથે દુર્ગાપુરમાં અજાણ્યા લોકોએ કથિત રીતે દુષ્કર્મ આચાર્યું હતું. ઓડીશાથી દુર્ગાપુર પહોંચેલા છોકરીના માતા-પિતાએ ન્યુ ટાઉનશીપ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી છે. અધિકારીએ જણાવ્યું કે, પીડિતા જે પ્રાઈવેટ કોલેજ અને હોસ્પિટલમાં અભ્યાસ કરતી હતી ત્યાં જ તેની સારવાર કરવામાં આવી રહી છે, પીડિતાની સ્થિતિમાં હાલમાં સુધારો આવ્યો છે અને પોલીસ અધિકારીઓને તેણે પોતાનું નિવેદન પણ આપ્યું છે.

## તંત્રી લેખ......

# સ્ટાર્મર ભારત સાથેની આર્થિક ભાગીદારીથી ભારે ઉત્સાહમાં

ભારતનાં અર્થતંત્રને પાંગળું બતાવવાની કોઈ પણ તક જતી ન કરતા અમુક વિપક્ષી નેતાઓ અને અમેરિકાના અમુક વગદાર વર્તુળોને બ્રિટિનના વડાપ્રધાન કીર સ્ટારર્મરે મુંબઈમાં આડકતરી રીતે જડબાંતોડ જવાબ આપી દીધો છે. બે દિવસની મુલાકાતે આવેલા બ્રિટિશ વડાપ્રધાને ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે દ્વિપક્ષીય બેઠકમાં પરસ્પર સહયોગ વધારવાનાં શ્રેણીબદ્ધ પગલાં પર સંમતિ સાધવાની સાથોસાથ ભારત સાથેની ભાગીદારીને વિકાસના લોંચપેડ સમાન ગણાવી હતી. ચાવીરૂપ પ્રતિનિધિ મંડળ સાથે મુંબઈ આવેલા બ્રિટિશ વડાપ્રધાને ભારત સાથે વેપાર, શિક્ષણ અને ટેક્નોલોજીનો સહયોગ વધારવા સહમતી સાધી છે. મોદી સાથેની બેઠક દરમ્યાન બન્ને દેશે નવા વેપારકરારનો જલ્દી અમલ કરાવવા માટે પણ ચર્ચા કરી. હવે બ્રિટન તેની નવ યુનિવર્સિટીના ભારતમાં કેમ્પસ ખોલી શકશે. આમ બન્ને વડાપ્રધાન દ્વિપક્ષીય સંબંધને નવી ઊંચાઈએ પહોંચાડવા કામે લાગ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગયા જુલાઈ મહિનામાં મોદી બ્રિટન ગયા હતા ત્યાં પણ દ્વિપક્ષીય સહયોગ વધારવાની સહમતી સધાઈ હતી. સ્ટાર્મર તેમની સાથે તેમના દેશના ઉદ્યોગજગતના માંધાતાઓના પ્રતિનિધિ મંડળને લઈને આવ્યા હતા. તેમણે ભારત સાથેની ભાગીદારીને ભારે મહત્ત્વપૂર્ણ ગણાવી હતી. ભારતીય વડાપ્રધાને બ્રિટનને સ્વાભાવિક ભાગીદાર ગણાવ્યું છે. બન્ને દેશ વચ્ચેની આ ઉચ્ચ સ્તરીય બેઠકના બે મહિના અગાઉ આર્થિક અને વેપાર સહકાર અંગેના વિસ્તૃત કરાર થયા હતા. હવે આ કરારનો ઝડપભેર અમલ કરવા એક સંયુક્ત સમિતિની રચના કરવાની મુંબઈમાં દ્વિપક્ષીય જાહેરાત કરાઈ છે. આ નવા વેપારકરારથી બન્ને દેશને મોટો ફાયદો થશે એવી ગણતરી મંડાઈ રહી છે. આ કરાર હેઠળ બ્રિટનથી ભારતમાં આયાત થતી વસ્તુઓ પર હાલનો સરેરાશ ટેરિફ ૧૫ ટકાથી ઘટીને માત્ર ત્રણ ટકા થઈ જશે, તો ભારતથી બ્રિટન નિકાસ થતા ૯૯ ટકા ઉત્પાદનોને ટેરિફમુક્તિ મળી જશે. આ કરારના અમલથી વેપારીઓ અને ગ્રાહકો બન્નેને ફાયદો થશે. હાલે બન્ને દેશ વચ્ચે ૫૬ અબજ ડોલરનો વેપાર છે જે ૨૦૩૦ સુધી બે ગણો કરવાનું લક્ષ્ય રખાયું છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ ચીન અને બાંગલાદેશના કાપડ પર ભારતની સરખામણીએ ઓછો ટેરિફ રાખ્યો હોવાને લીધે ભારતીય કાપડ ઉત્પાદનેની નિકાસમાં દસ ટકાનો ઘટાડો થઈ શકે છે. બ્રિટન સાથેના આ કરારથી નિકાસમાં આવનારી ઘટને સરભર કરી શકાશે એવી આશા રખાઈ રહી છે. બન્ને દેશના વડાપ્રધાન દ્વિપક્ષીય સંબંધમાં સહયેગ અને સમજૂતીઓને ઐતિહાસિક ગણી રહ્યા છે. હાલની વૈશ્વિક પરિસ્થિતિમાં નવા વિકલ્પ ખરા અર્થમાં આત્મવિશ્વાસ વધારે તેવા છે. ખાસ તો અમેરિકા સાથેના કોઈ પણ સંવાદમાં આ નવા વિકલ્પો બન્ને દેશને વધુ મજબૂતી આપી શકશે. બ્રિટિશ વડાપ્રધાને જે રીતે ભારતીય અર્થતંત્ર ઝડપભેર દુનિયામાં અગ્રેસર થઈ રહ્યંઅ છે તેની પ્રસંશા કરી છે તે રાહુલ ગાંધી જેવા વિપક્ષી નેતા અને ટ્રમ્પ સરકારના અધિકારીઓએ ધ્યાને લેવી જોઈએ.

૨૦ કરોડના ખર્ચે સાડા ચાર કિલોમીટરનો રોડ સિમેન્ટ કોંક્રીટ ફોર લેન કરાયો

# પ્રસિદ્ધ જૈન તીર્થ ક્ષેત્ર મહૂડી જવું બન્યું વધુ સરળ: મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે પીલવઈ-મહુડી ફોર લેન માર્ગનું લોકાર્પણ કર્યું

## દિવાળી - કાળી ચૌદસના તહેવારોમાં મહુડી દર્શને આવનારા યાત્રિકોને વાહન વ્યવહાર માટે સુલભતા થશેઃ મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં રાજ્યના રોડ નેટવર્કને વધુ સંગીન બનાવવા સિમેન્ટ કોંક્રીટ રોડ નિર્માણનો માર્ગ મકાન વિભાગનો અભિગમ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રસિદ્ધ જૈન તીર્થ ક્ષેત્ર મહૂડીને પીલવાઈ સાથે જોડતા ૪.૪૫ કિલોમીટર રોડને રૂપિયા ૨૦ કરોડના ખર્ચે ફોર લેન થવાની કામગીરી પૂર્ણ થતા આ માર્ગનું રવિવારે લોકાર્પણ કર્યું હતું.

આ માર્ગ ચારમાર્ગીય થવાથી મહૂડી તીર્થ ક્ષેત્રના દર્શને આવતા શ્રદ્ધાળુઓને વાહન યાતાયાતમાં વધુ સારી સુવિધા મળશે અને સમય તથા ઈંધણની બચત પણ થશે.

એટલું જ નહીં ,અમદાવાદ-ગાંધીનગરથી વિજાપુરને જોડતા આ મુખ્ય માર્ગ ના વિસ્તૃતિકરણને કારણે ટ્રાફિકજામ થવાની સમસ્યા પણ હળવી થશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં રોડ નેટવર્ક સંગીન અને સસ્ટેનેબલ બનાવવા માર્ગ અને મકાનને આપેલા દિશાનિર્દેશ અને માર્ગદર્શનમાં સિમેન્ટ કોંક્રીટના રોડ નિર્માણથી ચોમાસામાં વરસાદી પાણીની અસરોથી માર્ગો ને નુકશાન થતું અટકાવવા નો અભિગમ માર્ગ મકાન વિભાગે અપનાવ્યો છે.

તદઅનુસાર, આ મહૂડી-પીલવઈ રોડ પણ સિમેન્ટ-ક્રોક્રિટનો અને મજબૂત ગુણવત્તાયુક્ત બનાવવામાં આવ્યો છે.

આ ફોરલેન કામગીરી ૧૦ મહિનામાં પૂર્ણ થઈ છે અને દિવાળીના તહેવારો પહેલા તેનું લોકાર્પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કરતા





આગામી કાળી ચૌદશે વિશાળ સંખ્યામાં મહૂડી મંદિર દર્શન માટે આવનારા યાત્રાળુઓને માટે વાહન વ્યવહાર સુલભ બનશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સેવા, સમર્પણ અને સુશાસનના ૨૪ વર્ષ પૂર્ણ થઈ ૨૫માં વર્ષમાં પ્રવેશ અવસરે તારીખ ૭ થી ૧૫ ઓક્ટોબર રાજ્યવાપી વિકાસ સપ્તાહ ઉજવાઈ રહ્યું છે. આ વિકાસ સપ્તાહમાં રાજ્યભરમાં અનેકવિધ વિકાસ કામોના લોકાર્પણ થઈ રહ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વિકાસ સપ્તાહ અંતર્ગત આ મહુડી-પીલવઈ માર્ગના વિસ્તૃતિકરણ કામનું લોકાર્પણ કર્યું હતું. આ અવસરે માણસાના ધારાસભ્ય શ્રી જે. એસ. પટેલ તેમજ પદાધિકારીઓ અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજુ કરપડાની ધરપકડ પર બોલ્યા કેજરીવાલ

# સત્યને જેલમાં કેદ કરી શકાય નહીં : એએપી

## ખેડૂતોનો અવાજ ઉઠાવશે, ભાજપ તેને કચડી નાખશે, પરંતુ આ પછી પણ આ લડાઈ હવે અટકશે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)બોટાદ

આમ આદમી પાર્ટી (AAP)ના સુપ્રીમો અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુજરાતમાં પાર્ટીના નેતાની ધરપકડ પર મોટો હુમલો કર્યો છે. અરવિંદ કેજરીવાલે શનિવારે જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીના ગુજરાત કિસાન સેલના પ્રદેશ પ્રમુખ અને ખેડૂત નેતા રાજુ કરપડાએ એક વીડિયો દ્વારા બોટાદ માર્કેટિંગ યાર્ડમાં ચાલી રહેલા કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. તેમણે જણાવ્યું કે બોટાદ માર્કેટિંગ યાર્ડમાં કળદા (કપાત)ના નામે ખેડૂતોને લૂંટવાનું કાવતરું છેલ્લા ઘણા વર્ષોથી ચાલી રહ્યું છે. કેજરીવાલે ભાજપને નિશાન બનાવતા કહ્યું છે કે ખેડૂતોનો અવાજ ઉઠાવવા પર ગુજરાતમાં ધરપકડ કરી લેવામાં આવે છે. કેજરીવાલે કહ્યું કે સત્યને જેલમાં કેદ કરી શકાય નહીં. કેજરીવાલે કહ્યું કે આપ નેતા રાજુ કરપડા ખેડૂતોનો અવાજ ઉઠાવી રહ્યા હતા. તેઓ બોટાદ માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતો સાથે ધરણા પર બેઠા હતા. પોલીસે શુક્રવારે રાત્રે તેમની ધરપકડ કરી હતી. એકવાર બોલી લાગ્યા પછી વેપારી ખેડૂતને કહે છે કે અમારું જીન (જીનિંગ ફેક્ટરી) ૧૦-૧૫ કિમી દૂર છે, કપાસ ત્યાં લઈ જાઓ. જ્યારે ખેડૂત પોતાના ખર્ચે કપાસ ત્યાં લઈ જાય છે, ત્યારે ત્યાં હાજર વ્યક્તિ કહે છે કે કપાસની ગુણવત્તા ખરાબ છે અને ૧૦૦-૨૦૦ રૂપિયા ઓછા ભાવ આપે છે. (૧૫૦૦ ભાવ નક્કી થાય તો ક્યારેક ૧૧૦૦-૧૨૦૦ પણ કરી દે છે અને આમાં પણ વચેટિયાઓ આવી જાય છે) આને જ કળદા કહેવામાં આવે છે.

કેજરીવાલે કહ્યું કે બે વર્ષ પહેલા જ્યારે તેઓ ખેડૂતોની ફરિયાદો પર તેમની ટીમ સાથે ત્યાં પહોંચ્યા, ત્યારે થોડા કલાકો માટે યાર્ડ બંધ કરાવવામાં આવ્યું હતું. બાદમાં સમાધાનના બહાને તેમની ધરપકડ કરવામાં આવી, પરંતુ ખેડૂતોએ આંદોલન ચાલુ રાખ્યું અને યાર્ડ બંધ રાખ્યું. હવે છેલ્લા દસ દિવસથી ખેડૂતોની નવી ફરિયાદો મળી રહી છે કે ફરીથી તે જ કળદા (કપાત)નો ખેલ શરૂ થઈ ગયો છે. કેજરીવાલે જણાવ્યું કે રાજુ કરપડાએ ૯ ઓક્ટોબરની સવારે ફેસબુક પર પોસ્ટ કરી કે ૧૦ ઓક્ટોબરે ખેડૂતો સાથે બોટાદ યાર્ડ પહોંચશે. આ પછી APMC અધિકારીઓએ મીટિંગ બોલાવીને મીડિયામાં નિવેદન આપ્યું કે હવે કળદા નહીં થાય. તો પહેલી સમસ્યા એ હતી કે કળદા ચાલી રહ્યો હતો અને બીજી સમસ્યા એ હતી કે એકવાર બોલી લાગ્યા પછી વેપારી ખેડૂતને કહે છે કે અમારું જીન (જીનિંગ ફેક્ટરી) ૧૦-૧૫ કિમી દૂર છે, કપાસ ત્યાં લઈ જાઓ, તો આ પ્રક્રિયાને પણ બંધ કરવા માટે આજે અવાજ ઉઠાવવામાં આવ્યો. તો ધરપકડ કરવામાં આવી.

કેજરીવાલે કહ્યું કે જ્યારે આમ આદમી પાર્ટીના નેતા રાજુ કરપડા હજારોની સંખ્યામાં ખેડૂતો સાથે ત્યાં પહોંચ્યા તો માર્કેટિંગ યાર્ડના ચેરમેને બધાની સામે કહ્યું કે હવેથી કળદા નહીં થાય, ખેડૂતોને જે ભાવ કહેવાયો હશે તે જ ભાવ મળશે. અને જો કોઈ વેપારી વિરુદ્ધ કળદાની ફરિયાદ આવી છે, તો તેની તપાસ કરીને બે દિવસમાં તેનું લાઈસન્સ રદ કરવામાં આવશે. માર્કેટિંગ યાર્ડના અધ્યક્ષે જે વાત કહી તે વાત રાજુ કરપડાએ લેખિતમાં માંગી પણ માર્કેટિંગ યાર્ડના અધ્યક્ષે લેખિતમાં આપવાની ના પાડી દીધી, જેના કારણે હજી રાજુ કરપડા હજારોની સંખ્યામાં ખેડૂતો સાથે ધરણા પર બેઠા છે. આ મામલે અરવિંદ કેજરીવાલે કહ્યું કે ગુજરાતના માર્કેટિંગ યાર્ડોમાં ખેડૂતો સાથે ખુલ્લો અન્યાય થઈ રહ્યો છે. મહેનતથી ઉગાડેલી ફસલનો સાચો ભાવ નથી મળી રહ્યો, ઉલટાનું ભાજપના નેતાઓએ યાર્ડો પર કબજો જમાવીને ખેડૂતોને હેરાન કરી રાખ્યા છે. આમ આદમી પાર્ટીનો આરોપ છે કે કોઈ નક્કર પગલાં ન લેવાતા નારાજ ખેડૂતોને લઈને આપના ખેડૂત નેતા રાજુભાઈ કરપડા સતત ધરણા પર બેઠા રહ્યા. મામલો શાંત ન થતો જોઈને ગઈ કાલે મોડી રાત્રે ૩ વાગ્યે ગુજરાત પોલીસે રાજુભાઈ કરપડાની જ ધરપકડ કરી લીધી. રાજુભાઈ કરપડાની ધરપકડ પર અરવિંદ કેજરીવાલે ટ્વીટ કરીને કહ્યું કે ભાજપના શાસનમાં જો કોઈ ખેડૂતોનો અવાજ ઉઠાવે, તો તેને જેલ ભેગો કરી દેવામાં આવે છે. રાતના ૩ વાગ્યે આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા રાજુભાઈ કરપડાની પોલીસે ધરપકડ કરી, તેમનો વાંક માત્ર એટલો હતો કે તેઓ ખેડૂતોના હકની લડાઈ લડી રહ્યા હતા, કપાસના સાચા ભાવ માંગી રહ્યા હતા. કેજરીવાલે આ મુદ્દે હુમલો કરતા કહ્યું છે કે ગુજરાતમાં જે ખેડૂતોની સાથે ઊભો રહેશે, ભાજપ તેનો અવાજ કચડી નાખશે, પરંતુ યાદ રાખો, સત્યને જેલમાં કેદ કરી શકાય નહીં. ખેડૂતોની લડાઈ હવે અટકવાની નથી.

પુરુષો કરતા મહિલામાં ૩ ગણું વધુ પ્રમાણ

# સંધિવાના કેસમાં વધારો, વૃદ્ધો જ નહીં યુવાનો પણ પીડિત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બેઠાડુ જીવન, સ્થૂળતા, આનુવંશિક્તાને પગલે હવે સંધિવાના કેસમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. હાલ પ્રત્યેક પાંચમાંથી એક વ્યક્તિ સંધિવાની સમસ્યા ધરાવે છે. દેશમાં દર વર્ષે આર્થરાઈટિસના ૧૦ લાખ નવા દર્દી નોંધાય છે. હવે ૪૦ વર્ષથી ઓછી વય ધરાવનારામાં આર્થરાઈટિસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. રવિવારે (૧૨ ઓક્ટોબર) આર્થરાઈટિસ ડે છે ત્યારે સંધિવાના વધતા કેસ અને યુવાનોમાં પણ તેનું વધતું પ્રમાણ ચિંતાનો વિષય બન્યા છે. સંધિવા સામાન્ય રીતે વિવિધ સાંધાઓને અસર કરે છે અને તેની સાથે સાંધામાં દુખાવો પણ થાય છે. સરળ શબ્દોમાં કહીએ તો, તે એક તીવ્ર જડતા સાથે સાંધાનો દુખાવો છે, જે પગને ખસેડવા પડકારરૂપ અને પીડાદાયક બનાવે છે. સંધિવાના સામાન્ય લક્ષણોમાં જડતા, સાંધામાં દુખાવો, સોજો મુખ્યત્વે સામેલ છે. લાંબા સમય સુધી સારવાર ન કરવામાં આવે તો સમસ્યા વકરી જાય છે. કેમકે, તે કાયમી સાંધામાં ફેરફારનું કારણ બની જાય તો તાત્કાલિક સારવાર જરૂરી બને છે. આયુષ્ય વધવાની સાથે જ હાડકામાં ઘસારો થવાથી સંધિવા જેવી સમસ્યાનો પણ સામનો કરવો પડે છે. આ ઉપરાંત યુવાનોમાં પણ હવે સંધિવાનું પ્રમાણ વધ્યું છે. જેના માટે કસરતનો અભાવ, અનિયમિત જીવનશૈલી, ફાસ્ટફૂડ, મેદસ્વિતા જેવા પરિબળો જવાબદાર છે. સંધિવાની સમસ્યા ન થાય તે માટે પ્રત્યેક વ્યક્તિએ નિયમિત કસરત-વોકિંગ કરવું જોઈએ અને ફાસ્ટફૂડ-જંક ફૂડ જેટલું ઓછું કરવામાં આવે તે હિતાવહ છે. ડૉક્ટરોના મતે, હાઈ હીલના ચપ્પલ ફેશનનો ભાગ ભલે હોય પણ તે સંધિવા કરાવી શકે છે. તેને લાંબો સમય પહેરવાથી ઘૂંટણ અને નિતંબમાં વધારે પડતું દબાણ આવવા લાગે છે અને તેનાથી આગળ જતાં સંધિવા થઈ શકે છે. આ પ્રકારના ચપ્પલ પહેરવાથી સહેજ પણ તકલીફ પડી રહી હોય તો તેને ટાળવા જોઈએ.મેનોપોઝ બાદ એસ્ટ્રોજન લેવલ ઘટી જાય છે. એસ્ટ્રોજનથી ઈન્ફ્લેમેશન સામે લડવામાં મદદ મળે છે. એસ્ટ્રોજન ઘટતા સંધિવાનું જોખમ વધી જાય છે. આ ઉપરાંત મહિલાઓના સાંધા વધારે લવચીક હોય છે. સંધિવા આનુવંશિક રીતે પણ થાય છે.

પોલીસ ફરિયાદ નોંધવા માટેની તજવીજ હાથ ધરાઈ

# જોડિયાના બોડકા ગામમાં મોડી રાત્રે લૂંટારુઓ ત્રાટક્યા

## મહિલાને માર મારી અડધા લાખની માલમતા લૂંટી ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના બોડકા ગામમાં ગઈ મોડી રાત્રે લૂંટારૂ ટોળકી ત્રાટકી હતી, અને ફળિયામાં ખાટલો નાખીને સૂતેલા એક વૃદ્ધ મહિલાનું ગળું દબાવી માર મારી કાનમાંથી સોનાના ઠોળીયા અને રોકડ રકમ સહિત રૂપિયા અડધા લાખની માલમતાની લૂંટ ચલાવ્યા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.

એલસીબીની ટીમ અને જોડિયા પોલીસે તપાસ હાથ ધરી છે, અને લૂંટારૂ ટોળકી હાથ વેતમાં આવી છે.

જેઓએ જીરાગઢમાં પણ આવી એક ઘટનાને અંજામ આપ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. આ બનાવની વિગત એવી છે કે જોડિયા તાલુકાના બોડકા ગામમાં રહેતા જશવંતીબેન જગદીશભાઈ ગડારા નામના ૮૦ વર્ષના પટેલ વૃદ્ધ મહિલા ગઈકાલે રાત્રિના એકાદ વાગ્યા આસપાસ પોતાના મકાનના ફળિયામાં ખાટલો ઢાળીને સુતા હતા, તે દરમિયાન એક સ્ત્રી અને ત્રણ પુરુષ સહિતના ચાર લૂંટારું શખ્સો ફળિયામાં ઘુસી આવ્યા હતા, અને વૃદ્ધ મહિલા નું મોઢું અને ગળું દબાવી તેમના કાનમાંથી સોનાના ઠોળીયાની લૂંટ ચલાવી હતી. સાથો સાથ રોકડ રકમ ભરેલું પર્ષ પણ લૂંટી લીધું હતું, અને ચારેય લૂંટારુઓ ત્યાંથી ભાગી છુટ્યા હતા. જેથી સૌ પ્રથમ જસવંતીબેન ને જોડિયાની સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાઈ હતી, ત્યારબાદ તેઓએ જોડિયા પોલીસ મથકમાં બનાવની જાણ કરીને ફરિયાદ નોંધાવતાં જોડિયા પોલીસે અજાણ્યા લૂંટારુઓ સામે રૂપિયા અડધા લાખની માલમત્તાની લૂંટ ચલાવવા અંગેનો ગુનો નોંધ્યો છે. જે બનાવની તપાસમાં એલસીબીની ટુકડીએ પણ ઝુકાવ્યું છે, અને એલ.સી.બી.ની ટીમ તથા જોડિયા પોલીસે કોમ્બિંગ હાથ ધરી લૂંટારૂ ટોળકીને હાથ વેંતમાં લઈ લીધી હોવાનું જાણવા મળ્યું છે.

તેઓએ જીરાગઢ ગામમાં પણ એક લૂંટની ઘટનાને અંજામ આપ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. જે અંગે પણ પોલીસ ફરિયાદ નોંધવા માટેની તજવીજ હાથ ધરાઈ છે.

મૃતક અમિત ખૂંટના ભાઈનો રાજ્યના જેલ વડાને પત્ર

# જૂનાગઢની જેલમાં અનિરુદ્ધસિંહ જાડેજાને તમામ સગવડ અપાય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

રીબડાના અમિત ખૂંટ આપઘાત કેસમાં અનિરૂદ્ધસિંહ જાડેજા જૂનાગઢની જેલમાં છે, ત્યારે આરોપી અનિરૂદ્ધસિંહને ગુજસીટોકના આરોપીઓ મળવા આવ્યાનો મૃતક અમિત ખૂંટના ભાઈ મનીષ ખૂંટે આક્ષેપ કર્યા છે. મનીષ ખૂંટે રાજ્યના જેલના વડાને પત્ર લખીને જૂનાગઢ જેલના અધિક્ષક દીપક ગોહેલ સામે ગંભીર આક્ષેપ કર્યા છે.

અનિરૂદ્ધસિંહ જાડેજા હાલ જૂનાગઢ જેલમાં બંધ છે. તેવામાં મૃતક અમિત ખૂંટના ભાઈએ આપેક્ષ કર્યો છે કે, અનિરૂદ્ધસિંહ જાડેજાને જેલમાં મોબાઈલ સહિતની સગવડ આપવામાં આવે છે.

અનિરૂદ્ધસિંહ જેલમાં રહી અમારા પરિવાર હુમલો કરાવશે. અમિત ખૂંટ આપઘાત કેસમાં પુરાવા સાથે છેડછાડ કરશે.

મનીષ ખૂંટે આક્ષેપ કર્યો કે, ગુજસીટોકના આરોપીઓ અનિરૂદ્ધસિંહને જેલમાં મળવા આવી રહ્યા છે. જેમાં યશપાલસિંહ જાડેજા, જશપાલસિંહ જાડેજા (જામનગર) અને સોયબ નાગોરી સહિતના શખ્સોનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૮માં પણ જ્યારે અનિરૂદ્ધસિંહ જૂનાગઢ જેલમાં બંધ હતા, ત્યારે પણ તેઓ જેલમાંથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા હતા.

કેરળ હાઈકોર્ટે રાજ્ય વક્ફ બોર્ડની ઝાટકણી કાઢી

# કાલે તાજમહલ અને લાલ કિલ્લો પણ વક્ફ સંપત્તિ જાહેર કરી દેશે : હાઈકોર્ટ

## દાનમાં મળેલી જમીન કોલેજે વેચી દીધી, જમીનના ભાવ વધતા કેરળ વક્ફ બોર્ડે ૬૯ વર્ષે તેને વક્ફ સંપત્તિ જાહેર કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)કોચ્ચી

કેરળ હાઈકોર્ટે મુનંબમ વક્ફ ભૂમિ વિવાદ પર આકરી ટીપ્પણી કરતા રાજ્ય વક્ફ બોર્ડની ઝાટકણી કાઢી છે. કેરળ હાઈકોર્ટે ચેતવણી આપી કે કોઈપણ સંપત્તિને યોગ્ય પ્રક્રિયા વિના વક્ફ જાહેર કરવાની મંજૂરી અપાય તો તાજમહલ, લાલ કિલ્લો, વિધાનસભા ભવન અથવા હાઈકોર્ટની ઈમારતને પણ વક્ફ સંપત્તિ જાહેર કરી દેવામાં આવે. આ સાથે હાઈકોર્ટે મુનંબમ જમીનને વક્ફ જાહેર કરવાના કેરળ વક્ફ બોર્ડના નિર્ણય પર સવાલ ઉઠાવતા તેને જમીન પચાવી પાડવાનું કાવતરું ગણાવ્યું હતું. કેરળ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સુશ્રુત અરવિંદ ધર્માધિકારી અને ન્યાયાધીશો શ્યામ કુમાર વીએમની બેન્ચે સ્ટેટ ઓફ કેરળ વિરુદ્ધ કેરળ વક્ફ સંરક્ષણ વેધી કેસમાં ચૂકાદો સંભળાવતા વિવાદાસ્પદ જમીનની માલિકીની ભાળ મેળવવા માટે તપાસ પંચ નિમવાના સરકારી આદેશને જાળવી રાખ્યો હતો. બેન્ચે કહ્યું કે, અનિવાર્ય પ્રક્રિયા અને વક્ફ કાયદા ૧૯૫૪ તથા ૧૯૯૫ની જોગવાઈઓના પાલનના અભાવમાં સંબંધિત સંપત્તિને ક્યારેય પણ વક્ફ સંપત્તિ તરીકે વર્ગીકૃત કરી શકાય નહીં.

બેન્ચે કહ્યું કે, વિવાદાસ્પદ જમીન વક્ફ તરીકે નોટિફાઈ કરવી એ વક્ફ કાયદા ૧૯૫૪ અને ૧૯૯૫ની જોગવાઈઓની વિરુદ્ધ છે તથા કેરળ વક્ફ બોર્ડનું આ પગલું જમીન પચાવી પાડવાના કાવતરાં સમાન છે. બેન્ચે કહ્યું કે, આ પગલાથી એવા સેંકડો પરિવારો અને વાસ્તવિક રહેવાસીઓની આજીવિકા પર અસર થઈ છે, જેમણે વક્ફ સંપત્તિ નોટિફાઈ થયાના દાયકાઓ પહેલા જમીન ખરીદી હતી.

કેરળ હાઈકોર્ટે કહ્યું કે, ન્યાયતંત્ર આવી મરજીમુજબની વક્ફ જાહેરાતોને કાયદેસર માન્યતા આપે તો કાલે કોઈપણ ઈમારતો પછી તે તાજમહલ, લાલ કિલ્લો, વિધાનભવન અથવા સ્વયં આ અદાલત કેમ ના હોય તેને વક્ફ જાહેર કરી દેવાશે. આ પ્રવૃત્તિ બંધારણની કલમ ૩૦૦-એ હેઠળ નાગરિકોના સંપત્તિના અધિકાર, કલમ ૧૯ હેઠળ વેપારની સ્વતંત્રતા અને કલમ ૨૧ હેઠળ જીવન અને આજીવિકાના અધિકાર માટે જોખમી છે. બેન્ચે કહ્યું કે, બંધારણીય જવાબદારીઓ હેઠળ કોઈપણ કોર્ટ આવી કાલ્પનિક અને વિલંબિત શક્તિઓના પ્રયોગને મંજૂરી આપી શકે નહીં.

મુનંબમની આ જમીન ૧૯૫૦માં સિદીક સૈદ નામની વ્યક્તિએ ફારુક કોલેજને દાનમાં આપી હતી. તે સમયે જમીનનું કુલ ક્ષેત્રફળ ૪૦૪.૭૬ એકર હતું, જે સમુદ્રી કાપના કારણે ઘટીને ૧૩૫.૧૧ એકર રહી ગયું છે. આ જમીન પર પહેલાથી જ અનેક લોકો રહેતા હતા અને કોલેજ મેનેજમેન્ટે આ જમીન આ રહેવાસીઓને વેચી દીધી હતી. આ વેચાણ દસ્તાવેજોમાં ક્યાંય પણ જમીન વક્ફ હોવાનો ઉલ્લેખ નહોતો, પરંતુ લગભગ ૬૯ વર્ષ પછી ૨૦૧૯માં કેરળ વક્ફ બોર્ડે અચાનક આ જમીનને વક્ફ સંપત્તિ જાહેર કરી દીધી અને જૂના વેચાણ સોદાને ગેરકાયદે ગણાવ્યો હતો.

# અંબાજી ગબ્બર પર્વત પર દર્શન અને રોપ-વે એક દિવસ માટે બંધ રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અંબાજી

સુપ્રસિદ્ધ યાત્રાપીઠ શક્તિપીઠ અંબાજી ખાતે દર્શન માટે આવતા લાખો યાત્રાળુઓ માટે એક મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. મંદિર ટ્રસ્ટ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, ગબ્બર પર્વત પર માતાજીના દર્શન અને ત્યાં સુધી પહોંચાડતી રોપ-વેની સુવિધા તારીખ ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ના દિવસે સંપૂર્ણપણે બંધ રાખવામાં આવશે. યાત્રાળુઓની સુરક્ષા અને પહાડની જાળવણીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.ગબ્બર પર્વત પર દર્શન અને રોપ-વે બંધ રાખવાનું મુખ્ય કારણ પહાડના પથ્થર ચકાસણીની કામગીરી છે. તંત્ર દ્વારા પર્વત પરના પથ્થરોના ગુણધર્મની ચકાસણી માટે 'જિયો ટેકનિકલ ઈન્વેસ્ટિગેશન સરવે'ની કામગીરી હાથ ધરવામાં આવનારી છે. આ વૈજ્ઞાનિક સરવે દ્વારા પહાડની સ્થિરતા અને મજબૂતીનું આકલન કરવામાં આવશે. યાત્રાળુઓની સલામતી સુનિશ્ચિત કરવાના ભાગરૂપે આ તપાસ જરૂરી હોવાથી, એક દિવસ માટે ગબ્બર પરની તમામ ગતિવિધિઓ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.


# વડોદરામાંથી મોટરસાયકલોની ઉઠાંતરી કરનાર વાહન ચોર પકડાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા,

વડોદરાના હરણી મોટનાથ રોડ પરથી ઓગસ્ટ ૨૦૨૨માં બે મોટરસાયકલની ચોરી થઈ હતી. જે બનાવમાં અગાઉ પોલીસે એક વાહન ચોરને ઝડપી પાડ્યો હતો અને તેની પૂછપરછ દરમિયાન વિનોદ હિરલાભાઈ અલાવા (ભરાડ, ધાર, મધ્યપ્રદેશ) નું નામ ખુલતા પોલીસ તેની તપાસ કરી રહી હતી.

છેલ્લા કેટલાક સમયથી વિનોદ અમદાવાદના સાણંદ ખાતે ગ્લોબલ સ્કૂલ પાસે રહેતો હોવાની વિગતો મળતા ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ દ્વારા ત્યાં વોચ રાખવામાં આવી હતી અને ગઈકાલે આરોપીને ઝડપી પાડ્યો હતો.

વાહનચોરની બીજા ગુનાઓમાં સંડોવણી છે કે કેમ તેની હરણી પોલીસ તપાસ કરશે.



RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

### સોશિયલ મીડિયા પર સિંગલ પોસ્ટથી સમસ્યાનું નિવારણ કરતી ગુજરાત પોલીસનો વધુ એક સફળ કિસ્સો

# ગુજરાત પોલીસની GP-SMASH ટીમને X (ટ્વિટર) પર મળેલી માહિતીના આધારે ગણતરીના સમયમાં પાંચ યુવાનોનું કરાયું સફળ રેસ્ક્યુ ઓપરેશન

**ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ પણ ત્વરિત કાર્યવાહી કરવા સૂચના આપતી કોમેન્ટ X પર કરી, ગણતરીના સમયમાં પાંચેયના સફળતાપૂર્વક રેસ્ક્યુ અંગે રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે ટ્વીટર પર આપી અપડેટ**

ગુજરાત પોલીસની સોશિયલ મીડિયા આધારિત ત્વરિત મદદ માટેની પહેલ **(Gujarat Police - Social Media Monitering, Awareness and Systematic Handling)** એ વધુ એક મહત્વની કામગીરી પાર પાડી છે. નર્મદા જિલ્લામાં આવેલા ઝરવાણી નજીક ટૂંગાઈ હિલ સ્ટેશનના ટ્રેકિંગ દરમિયાન રસ્તો ભૂલી ગયેલા વડોદરાની પારુલ યુનિવર્સિટીના પાંચ વિદ્યાર્થીઓને ગુજરાત પોલીસે માત્ર ગણતરીના કલાકોમાં શોધી કાઢીને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કર્યા છે. આ સમગ્ર કાર્યવાહીમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી અને રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાયના ત્વરિત માર્ગદર્શનની નિર્ણાયક ભૂમિકા રહી હતી.

ઘટનાની વિગત અનુસાર, સુભાષિની એમ. નામની એક મહિલાએ X (ટ્વિટર) પ્લેટફોર્મ પર ગુજરાત પોલીસને ટૅગ કરીને જાણકારી આપી હતી કે નર્મદા જિલ્લામાં ટ્રેકિંગ માટે ગયેલા તેમના દીકરા સહિત પાંચ યુવાનો રસ્તો




ભૂલી ગયા છે અને ફસાઈ ગયા છે.

ગુજરાત પોલીસને આ બાબત ટેગ થતાની સાથે જ **GP-SMASH** ટીમના શિફ્ટ ઈન્ચાર્જ પીએસઆઈ શ્રી એસ.જી. ચૌહાણે આ બાબતે લોકેશન સહિત તમામ વિગત મેળવીને ત્વરિત કાર્યવાહી કરવા નર્મદા પોલીસને કોમેન્ટ કરી જરૂરી સૂચના આપી તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવા જણાવ્યું હતું. આ બાબત ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના ધ્યાને **X** મારફતે આવતા તેઓશ્રીએ ત્વરિત સંવેદનશીલતા દાખવી રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયને આ મામલે તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. આ સાથે જ, રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાયે પણ તરત જ નર્મદા જિલ્લા પોલીસ વડાશ્રીને આ મામલે ગંભીરતાથી કાર્યવાહી કરવા અને સ્થાનિક પોલીસ તથા ફોરેસ્ટ ટીમની મદદથી તમામ યુવાનોને રેસ્ક્યુ કરવા આદેશ આપ્યો હતો. બનાવની વિગત એવી હતી કે, વડોદરાની એક ખાનગી યુનિવર્સિટીના પાંચ યુવા વિદ્યાર્થીઓ સવારે આશરે ૧૦:૩૦ વાગ્યે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધા બાદ ઝરવાણી વોટરફોલની ટિકિટ લઈને ઝરવાણી ગામના ભાંગરા ફળિયા ખાતે પોતાની બાઈકો મૂકીને ટૂંગાઈ હિલ સ્ટેશન ચડવાની શરૂઆત કરી હતી. બપોરે ૨:૩૦ વાગ્યાની આસપાસ તેઓ હિલ સ્ટેશન પર પહોંચ્યા, પરંતુ પરત ફરતી વખતે ભૂલા પડી ગયા હતા.

સ્થાનિક પોલીસ અને ફોરેસ્ટ વિભાગની મદદથી આશરે ૪:૩૦ વાગ્યાની આસપાસ તમામ પાંચ યુવાનોને સફળતાપૂર્વક શોધી કાઢવામાં આવ્યા અને સુરક્ષિત રીતે નીચે ઉતારી લેવામાં આવ્યા છે. રેસ્ક્યુ કરાયેલા યુવાનોમાં (૧) હિતેશ સુરેશ પેનમુસુ (ઉં.વ. ૨૨), (૨) હિમતેજ વારા પ્રસાદ વાલ સ્વામી, (૩) વિકીયાત નાગેશ્વર રાવ ચીલીયાલા (ઉં.વ. ૨૧), (૪) લિખિત ચેતન્ય મેકા (ઉં.વ. ૨૨) અને (૫) સુશીલ રમેશભાઈ ભંડારુ (ઉં.વ. ૨૦)નો સમાવેશ થાય છે, જે તમામ વડોદરાના માધવપુરા વિસ્તારમાં રહે છે. રેસ્ક્યુ કરાયેલા વિદ્યાર્થીઓએ ગુજરાત પોલીસ અને મદદ કરનાર સ્થાનિક માણસોનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે તેઓ હાલમાં સહી સલામત છે. આ બાબતની પોસ્ટ મૂકનાર મહિલાએ પણ ગુજરાત પોલીસ સહિત સમગ્ર ટીમનો આભાર માન્યો છે. લૉ એન્ડ ઓર્ડર ડીઆઈજી શ્રી દીપક મેઘાણીના માર્ગદર્શન હેઠળ ગુજરાત પોલીસની **GP-SMASH** ટીમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને કટોકટીના સમયમાં નાગરિકોને ત્વરિત મદદ પૂરી પાડવાની પોતાની પ્રતિબદ્ધતા ફરી એકવાર સાબિત કરી છે.

### કિંગ ખાને ૧૭ વર્ષ પછી હોસ્ટ કર્યો ફિલ્મફેર

# શ્રેષ્ઠ અભિનેતા બન્યા કાર્તિક અને અભિષેક, શ્રેષ્ઠ અભિનેત્રી આલિયા

## ૭૦મા હ્યુન્ડાઈ ફિલ્મફેર એવોર્ડ્સનું આયોજન અમદાવાદમાં કરવામાં આવ્યું હતું, જેની મેજબાની શાહરૂખ ખાને કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં ઉત્તમ પર્ફોર્મન્સ, કહાની, દિગ્દર્શન અને તકનીકનો શાનદાર ઉત્સવ મનાવવા માટે ફિલ્મફેર એવોર્ડ્સ ફરી પાછા ફર્યા છે. ખાસ વાત એ છે કે આ વર્ષે આ શાનદાર ઈવેન્ટ ગુજરાતમાં યોજાઈ હતી અને તેને જબરદસ્ત સફળતા મળી.

સિતારાઓથી સજેલી આ સાંજમાં ગ્લેમર, મનોરંજન અને ઈમોશન્સ બધું જ જોવા મળ્યું. ૭૦માં હ્યુન્ડાઈ ફિલ્મફેર એવોર્ડ્સ ૨૦૨૫નું આયોજન અમદાવાદના **EKA** એરેનામાં કરવામાં આવ્યું હતું.

આ ભવ્ય ઈવેન્ટની હોસ્ટિંગ શાહરૂખ ખાન, કરણ જોહર અને મનીષ પોલે કરી હતી. રેડ કાર્પેટ પર સિતારાઓની ધૂમ હતી અને સ્ટેજ પર અક્ષય કુમાર, અનન્યા પાંડે સહિત અનેક કલાકારોએ શાનદાર પર્ફોર્મન્સ આપ્યા હતા.

ચારેબાજુ માત્ર સિતારાઓની ચમક અને તાળીઓની ગુંજ સંભળાઈ હતી. આ વર્ષે ફિલ્મફેર એવોર્ડ્સે એક્ટિંગ, ડિરેક્શન અને મ્યુઝિકમાં શાનદાર કામ કરનાર કલાકારોને સન્માનિત કર્યા. ખાસ વાત એ રહી કે બેસ્ટ એક્ટરનો એવોર્ડ આ વખતે બે એક્ટર્સને મળ્યો - કાર્તિક આર્યન અને અભિષેક બચ્ચન.

૭૦મા ફિલ્મફેર એવોર્ડ ૨૦૨૫ના વિજેતાઓની યાદી

શ્રેષ્ઠ ફિલ્મઃ લાપતા લેડીઝ

શ્રેષ્ઠ દિગ્દર્શકઃ કિરણ રાવ (લાપતા લેડીઝ)

શ્રેષ્ઠ ફિલ્મ (ક્રિટિક્સ): આઈ વોન્ટ ટુ ટોક (શૂજીત સરકાર)

મુખ્ય ભૂમિકામાં શ્રેષ્ઠ અભિનેતા (પુરુષ): અભિષેક બચ્ચન (આઈ વોન્ટ ટુ ટોક) અને કાર્તિક આર્યન (ચંદુ ચેમ્પિયન)

શ્રેષ્ઠ અભિનેતા (ક્રિટિક્સ): રાજકુમાર રાવ (શ્રીકાંત)

મુખ્ય ભૂમિકામાં શ્રેષ્ઠ અભિનેત્રી (સ્ત્રી): આલિયા ભટ્ટ (જિગરા)

શ્રેષ્ઠ અભિનેત્રી (ક્રિટિક્સ): પ્રતિભા રાંતા (લાપતા લેડીઝ)

શ્રેષ્ઠ સહાયક અભિનેતા (પુરુષ): રવિ કિશન (લાપતા લેડીઝ)

શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી (સ્ત્રી): છાયા કદમ (લાપતા લેડીઝ)

શ્રેષ્ઠ મ્યુઝિક આલ્બમઃ રામ સંપત (લાપતા લેડીઝ)

શ્રેષ્ઠ ગીતોઃ પ્રશાંત પાંડે (સજની - લાપતા લેડીઝ)

શ્રેષ્ઠ પ્લેબેક સિંગર (પુરુષ): અરિજિત સિંહ (સજની - લાપતા લેડીઝ)

શ્રેષ્ઠ પ્લેબેક સિંગર (સ્ત્રી): મધુબંતી બાગચી (આજ કી રાત - સ્ત્રી ૨)

શ્રેષ્ઠ ડેબ્યુ ડિરેક્ટરઃ આદિત્ય સુહાસ જાંભલે (આર્ટિકલ ૩૭૦) અને કુણાલ ખેમૂ (મડગાંવ એક્સપ્રેસ)

શ્રેષ્ઠ ડેબ્યુ (પુરુષ): લક્ષ્ય (કિલ)

શ્રેષ્ઠ ડેબ્યુ (સ્ત્રી): નિતંશી ગોએલ (લાપતા લેડીઝ)

લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડઃ ઝીનત અમાન અને શ્યામ બેનેગલ (મરણોત્તર સન્માન)

આર.ડી. બર્મન એવોર્ડ ફોર અપકમિંગ ટેલેન્ટ ઈન મ્યુઝિકઃ અચિંત ઠાક્કર (જિગરા, મિસ્ટર એન્ડ મિસિસ માહી)

### કેનેડાની યુનિ.નો રિપોર્ટઃ સદીના અંત સુધીમાં

# મુંબઈનો ૨૧ ટકા અને ચેન્નઈનો ૧૮ ટકા વિસ્તાર ડૂબશે

## જો કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં માનવજાત નાકામ રહેશે તો તેના ખૂબ ગંભીર પરિણામો ભોગવવાના આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

નેચર અર્બન સસ્ટેનિબિલીટી જર્નલમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલમાં સંશોધકોએ ચિંતા વ્યક્ત કરી છે કે જો કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં માનવજાત નાકામ રહેશે તો તેના ખૂબ ગંભીર પરિણામો ભોગવવાના આવશે. જળસ્તર સદીના અંત સુધીમાં દોઢ ફૂટથી પણ વધારે ઉપર આવશે અને તેના કારણે સમુદ્ર કાંઠાંના ૩૦ લાખ લોકો તેનાથી પ્રભાવિત થશે. સેંકડો ઈમારતો ડૂબાણમાં જશે. વિશાળ સમુદ્રકાંઠો ધરાવતા ભારત જેવા દેશો એનાથી વિશેષ પ્રભાવિત થશે. કેનેડાની મેકગિલ યુનિવર્સિટીના સંશોધકોએ તૈયાર કરેલા અહેવાલમાં કહેવાયું હતું કે ક્લાઈમેટ ચેન્જની આડઅસરો શરૂ થઈ ચૂકી છે. સમુદ્રનું જળસ્તર ધીમે ધીમે વધવાનું શરૂ થયું છે. કોલસો, ખનીજતેલ વગેરેનો ઉપયોગ અટક્યો નથી, તેના પરિણામે કાર્બન ઉત્સર્જન ઘટતું નથી. કાર્બન ઉત્સર્જન ઘટશે નહીં ત્યાં સુધી ક્લાઈમેટ ચેન્જની આડઅસરો કાબૂમાં આવી શકશે નહીં. જો આ જ સ્થિતિ સદીના અંત સુધી રહેશે તો ભયાનક પરિણામો જોવાના આવશે. સેટેલાઈટના નકશા અને આંકડાંના આધારે તારણ અપાયું એ પ્રમાણે અરબી સમુદ્રમાં જ અડધો મીટર એટલે લગભગ ૧.૭ ફૂટ જેટલું જળસ્તર સદીના અંતે વધી જશે. તેના કારણે મુંબઈનો ૨૧.૮ ટકા વિસ્તાર ડૂબી જશે. ચેન્નઈને પણ એની ગંભીર અસર થશે અને ૧૮ ટકા વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ જશે. લાખો લોકો અસરગ્રસ્ત બનશે ને અર્થતંત્ર પર પણ તેની ગંભીર અસર થશે. ભારતમાં કોચી, મેંગ્લુરુ, વિશાખાપટ્ટનમ, પુરી, પારાદીપ, પણજી જેવા ડઝનેક શહેરોની અનેક ઈમારતો પર ડૂબવાનું જોખમ મંડરાય છે. યુનિવર્સિટીના સંશોધકોએ તારણ આપ્યું કે દુનિયાભરમાં સમુદ્રોની સપાટી દોઢેક ફૂટ જેટલી વધશે. ક્યાંક બે ફૂટ વધશે. તેનાથી દુનિયાની ૧૦ કરોડ ઈમારતો ડૂબી જશે. એમાંથી અરબી સમુદ્રના કાંઠે જ ૩૦ લાખ ઈમારતો પર ડૂબવાનું જોખમ મંડરાતું હશે. ૩૦ થી ૪૦ લાખ લોકો એ સમયે પ્રભાવિત થશે.

ચિંતા તો એવીય વ્યક્ત થઈ હતી કે જો અત્યારે તાકીદની અસરે કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં નહીં આવે તો સમુદ્રમાં ૧૬ ફૂટ સુધીનું જળસ્તર વધી શકે અને તેના કારણે કરોડો લોકો પ્રભાવિત થશે. અગણિત ઈમારતો ડૂબી શકે છે. અત્યારે એમ કહેવાય છે કે સદીના અંત સુધીમાં પૃથ્વીના સરેરાશ તાપમાનમાં એક ડિગ્રીનો વધારો થશે. તેનાથી સેંકડો વર્ષોથી અડીખમ રહેલી હિમશીલાઓ પીગળી જશે અને તેનું પાણી સમુદ્રના જળસ્તરને વધારશે. જે વિસ્તારો પર સૌથી વધુ ખતરો છે ત્યાં અત્યારથી જ આયોજન કરીને સંભવિત ખતરો ઘટાડવો જોઈએ એવી ભલામણ સંશોધકોએ કરી હતી.

### શાહરૂખે બચાવી લીધી, ચાહકોએ SRKના વખાણ કર્યા

# ફિલ્મફેરમાં એવોર્ડ વિનિંગ એક્ટ્રેસ પડતાં પડતાં બચી

## એવોર્ડ સમારોહમાં નિતાંશી ગોયલ સ્ટેજ પર લપસી પડી હતી : કિંગ ખાન શાહરૂખ ખાને તેને બચાવી લીધી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સુપરસ્ટાર શાહરૂખ ખાન જ્યાં પણ હોય, ત્યાં સૌનું ધ્યાન તેમના પર છે. હાલમાં, સુપરસ્ટાર અમદાવાદ, ગુજરાત ખાતે ૭૦મા ફિલ્મફેર એવોર્ડ્સ સમારોહ યોજાયો હતો.

આ એવોર્ડ સમારોહમાં સમગ્ર બોલિવૂડ ઉદ્યોગ ગુજરાતમાં આવી પહોંચ્યો હતો. ફિલ્મફેર એવોર્ડ્સના વીડિયો પણ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહ્યા છે. ફિલ્મફેરે કિરણ રાવની "મિસિંગ લેડીઝ" અને કરણ જોહરની "કિલ" એ એવોર્ડ જીત્યા.

આ દરમિયાન, "મિસિંગ લેડીઝ" માં ફૂલ કુમારીનું પાત્ર નિતાંશી ગોયલનો એક વીડિયો પણ સામે આવ્યો હતો, જેમાં તે સ્ટેજ પર લપસી પડી હતી. નોંધપાત્ર વાત એ છે કે કિંગ ખાન શાહરૂખ ખાને તેને બચાવી લીધી હતી.

એવોર્ડ સમારોહમાં, નિતાંશી ગોયલને મિસિંગ લેડીઝ માટે બેસ્ટ ફિમેલ ડેબ્યુ એવોર્ડ મળ્યો. જેમ જેમ નિતાંશી એવોર્ડ લેવા માટે સ્ટેજ પાસ આવી પહોંચી ત્યારે, સુપરસ્ટાર શાહરૂખ ખાન તેનો હાથ પકડવા માટે આગળ વધ્યો.

એવોર્ડ લેવા માટે સીડી પર ચઢતી વખતે, તેના ગાઉનમાં તેણીનું સંતુલન ખોવાઈ ગયું, જેના કારણે તે ઠોકર ખાઈ ગઈ. જોકે, કિંગ ખાને તેને પકડી લીધી અને તેને પડવાથી બચાવી લીધી. જેમ જેમ નિતાંશી સ્ટેજ પર પહોંચી, સુપરસ્ટાર પણ તેના ગાઉનનો ટ્રેલ એડજસ્ટ કરતો જોવા મળ્યો.

નિતાંશી પડવાથી માંડ બચી ગઈ, તે થોડી ગભરાઈ ગઈ, પરંતુ શાહરૂખ ખાન તરત તેની મદદે આવી પહોંચ્યો હતો તેને પ્રોત્સાહન આપ્યું. તે સ્ટેજ પર પાછળથી તેના ગાઉનને ટેકો આપતો જોવા મળ્યો, જેના માટે ચાહકો હવે સુપરસ્ટારની પ્રશંસા કરી રહ્યા છે. સોશિયલ મીડિયા યુઝર્સ કહે છે કે શાહરૂખ ખાન બોલિવૂડના સૌથી સજ્જન સ્ટાર છે. યુઝર્સ વીડિયો પર ટિપ્પણી કરી રહ્યા છે અને શાહરૂખ ખાનની પ્રશંસા કરી રહ્યા છે.

નીતાંશી ગોયલ અને શાહરૂખ ખાનના આ વિડિયો પર યુઝર્સ ઉત્સાહપૂર્વક પ્રતિક્રિયા આપી રહ્યા છે. એકે ટિપ્પણી કરી, "આ ઉદ્યોગમાં કિંગ ખાન જેવો કોઈ સજ્જન વ્યક્તિ હોઈ શકે નહીં." બીજા એક વ્યક્તિએ લખ્યું, "તમે દરેક વખતે દિલ જીતી લો છો, સાહેબ. તમારા જેવું કોઈ નથી." ત્રીજા વ્યક્તિએ લખ્યું, "નીતાંશી આ ક્ષણ ક્યારેય નહીં ભૂલી શકે. શાહરૂખ ખાને જે રીતે તેને સંભાળી તે ખરેખર અનોખી છે."

### પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ રાજ્યમાં ૯.૦૯ લાખથી વધુ આવાસોનું નિર્માણકાર્ય સંપન્ન

# ૧૩ ઓક્ટોબર, શહેરી વિકાસ દિવસઃ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશના શહેરી વિસ્તારના ગરીબોને આવાસની સુવિધા પૂરી પાડીને તેમના ચહેરા પર સ્મિત લાવ્યું

## પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના સફળ અમલીકરણ માટે ગુજરાતને અત્યાર સુધીમાં કુલ ૧૪ એવોર્ડ

૭ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૨૪ વર્ષ પૂર્ણ થયા છે. વિકાસના આ સીમાચિહ્નરૂપ અવસરની ઉજવણી કરવા માટે દર વર્ષે ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે, જે અંતર્ગત ૧૨-૧૩ ઓક્ટોબરે શહેરી વિકાસ દિવસની ઉજવણી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષ ઉજવણીથી આયોજનબદ્ધ શહેરી વિકાસનો પાયો નાખ્યો હતો. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત શહેરીકરણની દિશામાં હરણફાળ ભરી રહ્યું છે. વર્લ્ડ ક્લાસ સિટી ડેવલપમેન્ટને વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા ૨૦૨૫નું વર્ષ 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઊજવવાની જાહેરાત કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશના શહેરી વિસ્તારોમાં રહેતા ગરીબ અને નીચલા મધ્યમ વર્ગના પરિવારોને પોતાના સ્વપ્નનું ઘર આપવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) જેવી મહત્વપૂર્ણ યોજના અમલી બનાવી છે, અને આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ યોજનાના અમલીકરણમાં ગુજરાત દેશનું અગ્રેસર રાજ્ય છે.

રાજ્યના શહેરી વિસ્તારોના ગરીબોને મળ્યું સપનાંનું ઘર, ૯.૦૯ લાખથી વધુ આવાસોનું નિર્માણ થયું

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્રઢપણે એવું માને છે કે, શહેરી વિકાસ એ ફક્ત માળખાકીય વિકાસ નથી, પરંતુ દરેક નાગરિકના જીવનસ્તરને ઊંચે લઈ જવાનો માર્ગ છે. આ ધ્યેયને સાર્થક કરતાં તેમણે વર્ષ ૨૦૧૫માં શહેરી વિસ્તારના ગરીબોને ઘરનું ઘર અપાવવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ની શરૂઆત કરી હતી. વડાપ્રધાનશ્રીએ આ યોજના હેઠળ અનેક લોકોને આવાસની સુવિધા પૂરી પાડીને તેમના ચહેરા પર સ્મિત લાવ્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ રાજ્યમાં ૯.૦૯ લાખથી વધુ આવાસોનું નિર્માણકાર્ય સંપન્ન થયું છે, જે એક નોંધપાત્ર સિદ્ધિ છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના અમલીકરણમાં અગ્રેસર ગુજરાત

ગુજરાત પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર રાજ્ય છે. ̈સ્છરૂ (શહેરી)ના ક્રેડિટ લિંક સબસીડી ઘટક હેઠળ ૬ લાખથી પણ વધુ લાભાર્થીઓને તેમના પ્રથમ આવાસ પર લીધેલ લોન પર વ્યાજ સહાયનો લાભ અપાવવામાં ગુજરાત દેશમાં અન્ય રાજ્યોની સરખામણીમાં અગ્રસ્થાને છે.

આ ઉપરાંત, કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦માં આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સિસ **(ARHCs)** યોજના હેઠળ શહેરી ગરીબો અને કામદારોને સસ્તા ભાડાના આવાસો પૂરા પાડવા માટે જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત થયાના ત્રણ જ માસમાં ગુજરાતના સુરત શહેરના સુડા વિસ્તારમાં નિર્માણ થયેલ ૩૯૩ આવાસોને મોડેલ-૦૧ અંતર્ગત ભાડાના મકાનોમાં રૂપાંતરિત કરીને પ્રોજેક્ટની મંજૂરી મેળવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

ગ્લોબલ હાઉસિંગ ટેક્નોલોજી – ઈન્ડિયાના લાઈટ હાઉસ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર ભારતમાંથી ૬ રાજ્યોની પસંદગી કરવામાં આવી હતી, જેમાંથી ગુજરાત રાજ્યના રાજકોટ શહેરની પસંદગી કરવામાં આવી હતી. રાજકોટમાં લાઈટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત મોનોલિથિક કોંક્રીટ કન્સ્ટ્રક્શન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને **EWS-2** પ્રકારના ૩૯.૭૭ ચોરસ મીટર કાર્પેટ એરિયા ધરાવતા કુલ ૧૧૪૪ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) માટે ગુજરાતને અત્યારસુધીમાં કુલ ૧૪ એવોર્ડ

વર્ષ ૨૦૧૭માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને ક્રેડિટ લિંક સબસીડી હેઠળ પ્રથમ સ્થાન એનાયત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને પીએમ આવાસ માટે ૩ એવોર્ડ આપવામાં આવ્યા હતા, તેમજ **BLC** ઘટક અંતર્ગત ગુજરાત રાજ્યના ૩ લાભાર્થીઓને બેસ્ટ હાઉસ કન્સ્ટ્રક્શન કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવ્યા હતા. ત્યારબાદ, વર્ષ ૨૦૨૨માં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) માટે ૭ વિવિધ કેટેગરીમાં એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આમ, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ગુજરાતને અત્યારસુધીમાં કેન્દ્ર સરકાર દ્વારા કુલ ૧૪ એવોર્ડ્સ એનાયત કરવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ની સફળતાના પરિણામે સપ્ટેમ્બર ૨૦૨૪થી પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ હાઉસિંગ ફોર ઓલ મિશનની જાહેરાત કરવામાં આવી હતી. આ યોજના હેઠળ ભારતભરમાં આગામી ૫ વર્ષમાં (૨૦૨૪–૨૦૨૯) ૧ કરોડ પાકાં ઘરો બાંધવાની યોજના છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત અફોર્ડેબલ હાઉસિંગ ઈન પાર્ટનરશિપ **(AHP)**, બેનિફિશ્યરી લેડ કંસ્ટ્રક્શન **(BLC)**, ઈન્ટરસ્ટ સબસિડી સ્કીમ **(ISS)**, એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ **(ARH)** ઘટક હેઠળ વ્યક્તિ લાભ લઈ શકે છે. યોજના અંતર્ગત રાજ્યમાં કુલ ૨૯,૮૨૧ જેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા છે.

### ૧ કિ.મી. લાંબી લાઈન લાગી

# તહેવારો ટાણે સુરતના ઉધના રેલ્વે સ્ટેશન બહાર માનવ મહેરામણ

## તહેવારોની સિઝનમાં ટ્રેનમાં જગ્યા ન મળતી હોવાના કારણે લોકોએ વહેલી સવારથી જ સ્ટેશન પર ધામા નાખ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

દિવાળી અને છઠ પૂજા જેવા તહેવારોને હવે ગણતરીના દિવસો બાકી છે. એવામાં સુરતનું ઉધના રેલ્વે સ્ટેશન મુસાફરોની ભીડથી ઊભરાઈ રહ્યું છે. મોટી સંખ્યામાં શ્રમિકો અને નોકરિયા વર્ગ પોતાના માદરે વતન (ખાસ ઉત્તર પ્રદેશ અને બિહાર) જવા રવાના થઈ રહ્યા છે. જેના કારણે રેલ્વે સ્ટેશન પર ભારે ભીડ જોવા મળી રહી છે. સવારથી બપોર સુધીમાં ૪ ટ્રેનમાં બેસવા ૬ હજારથી વધુ મુસાફરો રેલવે સ્ટેશન પહોંચી ગયા છે. લગભગ ૧ કિ.મી લાંબી મુસાફરોની લાઈન જોવા મળી હતી. ઉધના રેલ્વે સ્ટેશનની જે દ્રશ્યો સામે આવ્યા છે, તેમાં મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. મુસાફરોની સંખ્યા એટલી વધારે છે કે, સ્ટેશન પર ટિકિટ લેવા અને ટ્રેનમાં ચઢવા માટે મોડી રાતથી લોકોની લાંબી કતારો લાગી ગઈ છે. તહેવારોની સિઝનમાં ટ્રેનમાં જગ્યા ન મળતી હોવાના કારણે લોકો વહેલી સવારથી જ સ્ટેશન પર ધામા નાખીને બેઠા છે.

મુસાફરોની આ બેફામ ભીડને ધ્યાનમાં રાખીને રેલવે પ્રશાસન અને સુરક્ષા એજન્સીઓ દ્વારા ક્રાઉડ મેનેજમેન્ટ માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રેલ્વે પોલીસ દ્વારા ઉધના રેલ્વે સ્ટેશન પર મુસાફરોની સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા માટે **CCTV** કેમેરા ઉપરાંત અત્યાધુનિક ડ્રોન સર્વેલન્સ દ્વારા સમગ્ર પરિસર પર નજર રાખવામાં આવી રહી છે. ડ્રોનનો ઉપયોગ કરીને ભીડને નિયંત્રિત કરવા અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારી રાખવામાં આવી રહી છે. તહેવારોની સિઝન પૂરી ન થાય ત્યાં સુધી ઉધના સ્ટેશન પર આ પ્રકારનો ધસારો અને વિશેષ સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તેવી શક્યતા છે.

મુસાફરોને નિયમોનું પાલન કરવા અને શાંતિ જાળવવા અપીલ કરવામાં આવી છે.

મુસાફરોની માગને પહોંચી વળવા માટે રેલ્વે દ્વારા નિયમિત ટ્રેનો ઉપરાંત અન્ય સ્પેશિયલ અને અનરિઝર્ડ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. આ વખતે છઠની સાથે-સાથે ટૂંક સમયમાં બિહારમા વિધાનસભાની ચૂંટણીનું પણ આયોજન છે. તેથી લોકો મોટી સંખ્યામાં વોટ આપવા માટે પણ બિહાર જઈ રહ્યા છે. જેના કારણે ગત વર્ષો કરતા આ સિઝનમાં મુસાફરોની ભીડ વધી છે. જેને ધ્યાનમાં રાખીને આ વર્ષે પણ રેલ્વે દ્વારા વધારાની ટ્રેન ટીપ્સની જાહેરાત કરવામાં આવી છે.

નોંધનીય છે કે, મુસાફરોની સંખ્યા એટલી વધુ છે કે, વધારાની ટ્રેન પણ ઓછી પડી રહી છે. તંત્ર દ્વારા પ્રવાસીઓને શાંતિ જાળવવા અને સુરક્ષા દળોને સહકાર આપવા માટે અપીલ કરવામાં આવી રહી છે. આ ભીડ આગામી થોડા દિવસ હજુ જોવા મળે તેવી સંભાવના છે.

# નારોલથી વિશાલા તરફનો શાસ્ત્રી બ્રિજ નવેમ્બરથી ૫ મહિના માટે બંધ રખાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

મેગા સિટી અમદાવાદ સતત ધમધમતુ શહેર છે. ત્યારે અહી એક પણ રસ્તો બંધ થાય તો હજારો વાહનચાલકો મુશ્કેલીમાં મૂકાય છે. ત્યારે ફરી એકવાર નારોલથી વિશાલા તરફનો શાસ્ત્રી બ્રિજ નવેમ્બરથી ૫ મહિના માટે બંધ રખાશે.

શાસ્ત્રી બ્રિજ હવે જૂનો થઈ ગયો છે. ટ્રાફિકથી સતત ધમધમતા આ બ્રિજને હવે સમારકામની જરૂર છે. ત્યારે ૧૫ વર્ષ જૂનાં ૧૮૦ બેરિંગ બદલવાં પડશે તેવું સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી રિપોર્ટ કહે છે. આ કારણે નારોલથી વિશાલા તરફનો શાસ્ત્રી બ્રિજ નવેમ્બરથી ૫ મહિના માટે બંધ રખાશે. ટુવ્હીલર, ફોરવ્હીલર વિશાલાથી નારોલ તરફના બ્રિજનો ઉપયોગ કરી શકશે.

નવેમ્બર મહિનામાં જ્યારે બ્રિજની કામગીરી શરૂ થશે ત્યારે પાંચ મહિના માટે નારોલથી વિશાલા તરફના બ્રિજને સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે. ટુ-વ્હીલર અને ફોર વ્હીલરને અવર-જવર કરવા માટે સામેના એટલે કે વિશાલાથી નારોલ તરફના બ્રિજ પરથી વાહનોને ડાઈવર્ઝન આપવામાં આવશે. હાલમાં પણ બ્રિજ પરથી મોટાં વાહનોનો પ્રવેશ પ્રતિબંધિત હોવાના કારણે તમામ વાહનો દાણીલીમડા થઈને અંજલિ ચાર રસ્તા પાસેથી જઈ શકશે. ઉલ્લેખનીય છે કે, આ બ્રિજનું સમારકામ એક વર્ષ પહેલા જ કરાયું હતું ત્યારે માત્ર સરફેસિંગની કામગીરી કરાઈ હતી. ગત વર્ષે ૯ ઓગસ્ટના રોજ બ્રિજ બંધ કરી દેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, અમદાવાદથી બહાર આવવા જવા માટે આ બ્રિજ બહુ જ મહત્વનો છે. મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત તરફ જવા માટે આ જ બ્રિજ પરથી વાહનો પસાર થતા હોય છે. રોજના લાખોની સંખ્યામાં વાહનો આ બ્રિજ પરથી અવરજવર કરતા હોય છે. ત્યારે બ્રિજ કરવાથી વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાશે.

ભગવાન ઘંટાકર્ણની આરતી, પૂજા-અર્ચના કરીને રાજ્યના નાગરિકોની સુખ-સમૃદ્ધિ, શાંતિ અને વિકાસ માટે પ્રાર્થના કરી

# સુપ્રસિદ્ધ તીર્થ ક્ષેત્ર મહુડીમાં ભગવાન ઘંટાકર્ણના દર્શન પૂજન કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સુપ્રસિદ્ધ જૈન તીર્થ સ્થળ મહુડી જિનાલયમાં ભગવાન ઘંટાકર્ણની આરતી, પૂજા-અર્ચના કરી ને રાજ્યની સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યમાં ચાલી રહેલા વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં વિકાસ રથના પ્રસ્થાન માટે મહુડીની હતા તે દરમ્યાન તેમણે મહુડી તીર્થ ક્ષેત્રમાં ભગવાન ઘંટાકર્ણના દર્શન કર્યા હતા તેમજ ભગવાન ઘંટાકર્ણની આરતી, પૂજા-અર્ચના કરીને રાજ્યના સૌ નાગરિકોની સુખ-સમૃદ્ધિ, શાંતિ અને વિકાસ માટે પ્રાર્થના કરી હતી.

ગિરનાર ગુજરાતનાં ધાર્મિક સ્થળોમાંનો એક છે

# ગિરનારની લીલી પરિક્રમા ૧ નવેમ્બર થી ૫ નવે. સુધી યોજાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગિરનાર

ગિરનારની પરિક્રમા શરુ થવાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે.યાત્રિકો તમામ ચિંતાઓથી મુક્ત બની મુક્ત મને ગિરનારની ગોદમાં પ્રકૃતિના ખોળે વિહાર કરતા જોવા મળે છે. જુનાગઢ શહેરથી ૫ કી.મી. દુર ગિરનારની તળેટીમાં કારતક સુદ અગીયારસે સવારથી જ ભવનાથ તળેટીમાં યાત્રિકો ભેગા થઈ જાય છે. તેજ દિવસે મધરાતે રૂપાયતનથી સંતો-મહંતો, જિલ્લા વહીવટી અધિકારીઓ અને અનેક અગ્રણીઓ સાથે અસંખ્ય ભક્તોની હાજરીમાં દિપ પ્રગટાવીને પરિક્રમાનો પ્રારંભ થાય છે. ભારતીય ધર્મોમાં પવિત્ર સ્થળોની ચારે તરફ આસપાસ શ્રદ્ધાપૂર્વક પગપાળા ચાલવાને પરિક્રમા અથવા પ્રદક્ષિણા કહેવામાં આવે છે. મંદિર, નદી, પર્વત વગેરેની આસપાસ પરિક્રમાને પુણ્યદાયી માનવામાં આવે છે. ચોર્યાસી કોસી પરિક્રમા, પંચકોસી પરિક્રમા વગેરેનું વિધાન છે. ગિરનારની ફરતે યોજાતી આ ૩૬ કી.મીની ચાર દિવસ પરિક્રમામાં જુદા જુદા સ્થળોએથી ભકતો આવે છે. આ પરિક્રમા કારતક સુદ અગીયારસે ચાલુ થાય છે અને પૂનમને દિવસે એટલે કે દેવ દિવાળીનાં દિવસે પુર્ણ થાય છે. ગિરનાર લીલી પરિક્રમા ભવનાથથી પ્રારંભ થાય છે. આ વર્ષે ગિરનારની લીલી પરિક્રમા ૧ નવેમ્બર થી ૫ નવેમ્બર સુધી યોજાશે.એવુ પણ કહેવાય છે કે ગરવા ગિરનારમાં ૩૩ કોટી દેવતાઓનો વાસ છે અને આથી જ જે કોઈ વ્યક્તિ ગિરનારની પરિક્રમા કરે છે તેને સાત જન્મનું પૂણ્ય પ્રાપ્ત થાય છે. આથી પૂણ્યનું ભાથુ બાંધવા માટે દર વર્ષે યાત્રિકો દૂર દૂરથી ઉમટી પડે છે.

લાખો લોકો ભક્તિ ભજન અને ભાવથી આ પરિક્રમા પૂર્ણ કરે છે. ગિરનાર લીલી પરિક્રમામાં આવતા યાત્રાળુઓ માટે જૂનાગઢ માટે સ્પે ટ્રેનો પણ શરુ કરવામાં આવે છે.

વિકાસ સપ્તાહ ૨૦૨૫: ગતિ, પ્રગતિ અને જનસુવિધાની ગાથા: ગુજરાત મેટ્રો રેલ

# અમદાવાદમાં દૈનિક સરેરાશ ૩૫ હજાર મુસાફરોથી શરૂ થયેલી સંખ્યા આજે વધીને ૧.૫ લાખ સધી પહોંચી



આજનું ગુજરાત માત્ર ઔદ્યોગિક વિકાસ માટે જ નહીં,પણ અદ્યતન માળખાગત સુવિધાઓ માટે પણ દેશભરમાં મોડેલ તરીકે ઊભરી રહ્યું છે. ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ ગુજરાતની પ્રગતિની જીવંત સાબિતી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સબળ નેતૃત્વમાં આ પ્રોજેક્ટ અમદાવાદ, ગાંધીનગર અને સુરત જેવા મહાનગરોમાં લાખો નાગરિકોના રોજીંદા જીવનને વધુ સરળ બનાવે છે.

સમયની સાથે કદમ મિલાવતું ગુજરાત, વિકસિત ભારતના સંકલ્પનું સાકાર સ્વરૂપ બનીને ઊભરી રહ્યું છે. ગુજરાત હવે માત્ર ઔદ્યોગિક વિકાસ માટે જ નહીં, પરંતુ અદ્યતન માળખાગત સુવિધાઓ માટે પણ દેશભરમાં મોડેલ તરીકે ઓળખાય છે. આ પ્રગતિની જીવંત સાબિતી છે - ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ.

અમદાવાદ મેટ્રોની સફર વર્ષ ૨૦૨૫માં નવા આયામો સર કરી રહી છે. શરૂઆતમાં જ્યાં દિવસના સરેરાશ ૩૫ હજાર મુસાફરો મુસાફરી કરતા હતા, તે આંકડો આજે વધીને ૧.૫ લાખ સુધી પહોંચ્યો છે. અત્યાર સુધીમાં મેટ્રોમાં કુલ ૧૦.૩૮ કરોડ નાગરીકોએ મુસાફરી કરી છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનએ ૯૯.૮૪ ટકા સમયસર સેવા આપીને મુસાફરોનો વિશ્વાસ જીત્યો છે.

ગુજરાતના શહેરો હવે ટ્રાફિક નહીં પરંતુ ટ્રાન્ઝિટની નવી ઓળખ સાથે આગળ વધી રહ્યા છે. અમદાવાદ અને ગાંધીનગરની વચ્ચે દોડતી મેટ્રો ટ્રેન હવે માત્ર મુસાફરીનું સાધન નથી, પરંતુ રાજ્યના આધુનિક પરિવહન સ્વપ્નને સાકાર કરતી એક મજબૂત કડી બની છે.

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો નવેમ્બર ૨૦૧૪માં મંજૂર થયો હતો. માર્ચ ૨૦૧૯માં વસ્ત્રાલ ગામથી એપેરલ પાર્ક સુધી ૬.૫ કિમીનો પ્રથમ ભાગ શરૂ થતાં અમદાવાદના નગરજનોને નવી સફરની શરૂઆત મળી. વર્ષ ૨૦૨૨માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૩૨ કિમીની લાઈનનું લોકાર્પણ થતાં મેટ્રો અમદાવાદ શહેરના ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમ ભાગને જોડતી લાઈન શરૂ થઈ હતી.

બીજા તબક્કામાં ગુજરાતના પાટનગર ગાંધીનગર અને આર્થિક પાટનગર અમદાવાદને જોડતો કુલ ૨૮.૨ કિમીનો રૂટ તૈયાર કરવામાં આવ્યો છે. મોટેરાથી સેક્ટર-૧ અને GIFT City સુધીનો ભાગ સપ્ટેમ્બર ૨૦૨૪માં શરૂ થયો જ્યારે સચિવાલય સુધીનો ભાગ એપ્રિલ ૨૦૨૫માં ખુલ્લો મુકાયો છે. ટૂંક સમયમાં અમદાવાદથી મહાત્મા મંદિર સુધીનો રૂટ સંપૂર્ણ કાર્યરત થતાં કુલ ૬૮ કિ.મી.ના રૂટ પરના ૫૪ સ્ટેશનોને મેટ્રો રેલ સુવિધા મળશે. મોટેરાથી સચિવાલય સુધી દોડતી મેટ્રો માત્ર અંતર નથી ઘટાડી રહી તે બે નગરોના વિકાસને એક જ ધારા સાથે જોડે છે. વિદ્યાર્થીઓથી લઈને ઓફિસના કર્મચારીઓ સુધી, હવે દરેક માટે આ સફર ઝડપી, સુરક્ષિત અને આરામદાયક બની છે.

ગુજરાતના શહેરો આજે આધુનિક પરિવહનના નવા યુગમાં પ્રવેશી રહ્યા છે. અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે દોડતી મેટ્રો ટ્રેન હવે માત્ર સફરનું સાધન નથી, પરંતુ ગુજરાતના ગતિશીલ વિકાસનું પ્રતિક બની ગઈ છે.

મેટ્રોનું ભાડું માત્ર રૂ.૦૫ થી રૂ.૪૦ સુધીનું રાખવામાં આવ્યું છે. દૈનિક મુસાફર માટે પ્રતિ કિલોમીટર સરેરાશ રૂ. ૧ ના ભાડે સફર કરાવતી મેટ્રો સામાન્ય માણસ માટે ખરેખર બજેટ-ફ્રેન્ડલી મુસાફરી બની ગઈ છે.

મેટ્રો સ્ટેશનો માત્ર મુસાફરીના સ્થળ નથી એ ગુજરાતની સંસ્કૃતિ અને વારસાનું જીવંત પ્રદર્શન છે. દિવાલો પરના ચિત્રો, આર્ટ ઈન્સ્ટોલેશન અને કલા-સજાવટ મુસાફરીને વધુ આનંદદાયક બનાવે છે. દરેક સ્ટેશન એક ‘‘મિની આર્ટ ગેલેરી’’ની અનુભૂતિ આપે છે. દિવ્યાંગજન માટે ખાસ રેમ્પ, લિફ્ટ, ટેક્ટાઈલ ફ્લોરિંગ અને આરામદાયક મુસાફરીની વ્યવસ્થા કરીને મેટ્રો સમાવેશી વિકાસનું પ્રતિક બની છે.

મુસાફરોની સુરક્ષા માટે મેટ્રો ટ્રેનોમાં કમ્યુનીકેશન બેઝ્ડ ટ્રેન કન્ટ્રલ (CBTC) સિસ્ટમ, ફાયર અલાર્મ, સર્વેલન્સ કેમેરા અને ટનલ વેન્ટિલેશન જેવી અદ્યતન તકનીકો તૈયાર કરાઈ છે.

ગુજરાતની આ ગતિ અહીં અટકતી નથી. ડાયમંડ સિટી સુરતના ભવિષ્યને નવી દિશા આપવા માટે ૪૦.૩૫ કિમી લાંબી મેટ્રો લાઈનનું નિર્માણ થઈ રહ્યું છે.

"વહાલું ગુજરાત" હવે "દોડતું ગુજરાત" બની રહ્યું છે. ગુજરાત મેટ્રો રેલ પ્રોજેક્ટ એ માત્ર એક પરિવહન યોજના નથી, પરંતુ ભારતની બે સરકારોના સહયોગ, આર્થિક સંકલ્પ અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલ એક પ્રગતિશીલ માસ્ટરપ્લાન છે. મેટ્રો ફક્ત રેલ માર્ગ નહીં, પણ રાજ્યના પ્રગતિના માર્ગની નવી દિશા છે જ્યાં દરેક સ્ટેશન એક નવા વિકાસનું પ્રતિક છે.

- ઋચા રાવલ

સાગબારા પોલીસે ઝડપી પાડ્યો કાંડ

# અમદાવાદમાં વિદેશી દારૂ મોકલવા માટે એમ્બ્યુલન્સમાં કરાઈ હેરાફેરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નર્મદા

દિવાળી પહેલા નર્મદામાંથી શરમાવે તેવો કિસ્સો સામે આવ્યો છે. ગુજરાતમાં આમ તો દારૂબંધી છે પરંતુ વિવિધ કરામતોથી બુટલેગરો દારૂની હેરાફેરી કરતા ઝડપાય છે. ત્યારે નર્મદાના સાગબારા પોલીસે એમ્બ્યુલન્સમાં ચોરખાનું બનાવીને લઈ જવાતો વિદેશી દારૂ પકડી પાડવામાં આવ્યો છે.

એમ્બ્યુલન્સમાં ચોરખાનું બનાવીને ધનશેરા આંતરરાજ્ય ચેકપોસ્ટ ખાતેથી દારૂ અમદાવાદ લઈ જવાતો હતો. આ કેસમાં પોલીસે અમદાવાદમાં કોને આ દારૂ આપવાનો હતો તે અંગેની વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, રાજસ્થાન રાજ્યના કરોલી ખાતેથી અમદાવાદ ખાતે વિદેશી દારૂ લઈ જવાતો હતો. આ વિદેશી દારૂ કુલ કિં.રૂ. ૩,૪૩,૮૦૦ નો પ્રોહી મુદ્દામાલ તથા એમ્બ્યુલન્સ મળી કુલ કિં.રૂ.૧૩,૫૩,૮૦૦ સાથે આરોપીને પકડી પાડવામાં સાગબારા પોલીસને સફળતા મળી છે.

આ લાખોનો વિદેશી દારૂ લઈ જવા માટે એમ્બ્યુલન્સમાં ચોર ખાનું બનાવવામાં આવ્યું હતું. ડ્રાઈવરની સીટની પાછળ એક ખાનું બનાવીને તેમાં વિદેશી દારૂના ખોખા મુકવામાં આવ્યા હતા. પહેલી નજરે જોનારાને આ એમ્બ્યુલન્સમાં કાંઈ જ અજુગતું લાગે નહીં પરંતુ જો એક ખાનું ખોલીને તેમાં જોવામાં આવે તો તેમાં વિદેશી દારૂના ખોખા ગોઠવવામાં આવ્યા હતા. (અમદાવાદ આવતી એમ્બ્યુલની તસવીર)

ભાવનગરના વરતેજ પોલીસે પણ દારૂ ઝડપી પાડ્યો છે. ગત મોડી રાત્રિના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, સોદાવદર ગામની સીમમાં આવેલ વાડીમાં ઈસમોએ વિદેશી દારૂનો જથ્થો ઉતાર્યો છે અને દારૂની હેરાફેરી કરવાના છે. આ બાતમીના આધારે વરતેજ પોલીસે જાળીયા રોડ પર આવેલી વાડીમાં દરોડો પાડી વિદેશી દારૂની ૪૪૪ બોટલ કિં.રૂ. ૫,૭૭,૨૦૦ સાથે અજય ગોપાભાઈ ચૌહાણ (રહે. મૂળ વરલ,તા.સિહોર,હાલ ભાવનગર), વિક્રમ ઉર્ફે વિકો ભુપતભાઈ ચૌહાણ (રહે. સોડવદર), ગોપાલ ઉર્ફે ભોલો નટુભાઈ ચૌહાણ (રહે. સોડવદર) અને વિજય ભુપતભાઈ ચૌહાણ (રહે.ફુલસર, ભાવનગર) ને ઝડપી લીધા હતા. પોલીસે વિદેશી દારૂ, ઈકો કાર તેમજ મોબાઈલ ફોન મળી સાત લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. વિદેશી દારૂનો જથ્થો સુરતના શખ્સે મોકલ્યો હોવાનું તેમજ ભાવનગરના બે શખ્સ ઈકો ગાડી લઈને દારૂ લેવા આવ્યા હોવાનું તપાસમાં ખુલ્યું છે. આ બનાવ સંદર્ભે પોલીસે પાંચ શખ્સ વિરુદ્ધ વરતેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વિકાસ રથમાં ૧.૭૦ લાખથી વધુ નાગરિકોએ જોડાઈને વિકાસ સપ્તાહ અંતર્ગત ‘‘ભારત વિકાસ શપથ’’ લીધી

# વિકાસ સપ્તાહ: રાજ્યભરમાં વિકાસ રથના માધ્યમથી છેલ્લા પાંચ દિવસમાં કુલ રૂ. ૪૮૩ કરોડથી વધુના ૯,૨૫૪ કાર્યોના ખાતમુહૂર્ત-લોકાર્પણ સંપન્ન

## ગામડે-ગામડે ફરતા રથના માધ્યમથી વિવિધ યોજનાના ૨૩,૬૦૦થી વધુ લાભાર્થીઓને રૂ. ૪૪.૬૭ કરોડથી વધુની સહાયનું વિતરણ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ૨૪ વર્ષની જનસેવાને ઉજવવા રાજ્ય સરકાર દ્વારા વિકાસ સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રાજ્યના દરેક જિલ્લા દીઠ એક 'વિકાસ રથ'ને પ્રસ્થાન કરાવીને ગુજરાતની વિકાસ ગાથાને જન-જન સુધી પહોંચાડવાનું વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ વિકાસ રથ ગામડે-ગામડે ફરીને વિવિધ યોજનાના લાભાર્થીઓને તેમના ઘર આંગણે જ સહાય તેમજ અન્ય નાગરિકોને સરકારની કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપી રહ્યો છે. છેલ્લા પાંચ દિવસમાં ગામડે-ગામડે ફરી રહેલા રાજ્ય સરકારના ૩૪ વિકાસ રથ સાથે રાજ્ય મંત્રી મંડળના સભ્યશ્રી, સાંસદશ્રી અને ધારાસભ્યશ્રીઓ ઉપરાંત ૭,૨૦૦થી વધુ સ્થાનિક પદાધીકારીશ્રી-અધિકારીશ્રીઓ અને ૧,૭૨,૦૦૦થી વધુ નાગરીકો જોડાયા હતા. આ પાંચ દિવસમાં વિકાસ રથના માધ્યમથી રાજ્યભરમાં કુલ રૂ. ૨૬૪.૯૨ કરોડથી વધુના ૪,૭૦૦ કામોના લોકાર્પણ તેમજ રૂ. ૨૧૮.૬૬ કરોડથી વધુના ૪,૫૫૪ કામોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિકાસ રથના માધ્યમથી જ વિવિધ યોજનાના ૨૩,૬૦૦થી વધુ લાભાર્થીઓને કુલ રૂ. ૪૪.૬૭ કરોડથી વધુની સહાય વિતરણ કરવામાં આવી હતી. સાથે જ, વિકાસ રથ સાથે જોડાયેલા કુલ ૧,૭૦,૦૦૦થી વધુ નાગરિકોએ ‘‘ભારત વિકાસ પ્રતિજ્ઞા’’ પણ લીધી હતી. ગુજરાત સરકારની આ વિકાસ યાત્રામાં રાજ્યના યુવાનો, મહિલાઓ, ખેડૂતો સહિત તમામ વર્ગોને જોડવામાં આવી રહ્યા છે, જેથી ‘‘વિકસિત ભારત જ ૨૦૪૭’’ના સંકલ્પને સાકાર કરવામાં દરેક નાગરિક પોતાનું મહત્તમ યોગદાન આપી શકે.

- નિતિન રથવી

રાજકોટના બજારોમાં ભારે ભીડ

# દિવાળી પહેલાના છેલ્લા રવિવારે માહોલ જામ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે લોકો નવા વર્ષને નવા ઉમંગ સાથે વધાવવા માટે આતુર હોય છે. લોકો પણ નવા કપડા અને નવી વસ્તુઓ ખરીદવા માટે હાલ રાજકોટ સહિત મોટાભાગના શહેરોના બજારોમાં પહોંચી રહ્યા છે ત્યારે રાજકોટના બજારમાં પણ દિવાળીનો માહોલ જોવા મળી રહ્યો છે.

છેલ્લા કેટલાય સમયથી સૂમસામ ભાસતી રાજકોટની લાખાજી બજારમાં દિવાળીની તહેવારોનો માહોલ જામ્યો છે. શહેરના લાખાજીરાજ બજારોમાં ભારે ભીડ જામી છે. રાજકોટની આ બજારમાં કપડા શુઝ દિવાળીના સુશોભન ને લગતી વિવિધ વસ્તુઓ બજારમાં મળતી હોય છે.

આજે રવિવારનો દિવસ હોવાથી લોકો મોટી સંખ્યામાં ખરીદી કરવા માટે પહોંચ્યા હતા. રાજકોટની આ બજારમાં લોકો અલગ અલગ જિલ્લામાંથી ખરીદી કરવા માટે આવતા હોય છે ત્યારે કેટલાક લોકો મોરબી થી ખાસ ખરીદી કરવા માટે રાજકોટ પહોંચ્યા હતા

લાખાજીરાજ બજારમાં વિશેષ મહિલાઓની અલગ અલગ વસ્તુઓ મળતી હોવાથી મહિલાઓની પણ ભીડ જોવા મળી હતી. તો મહિલાઓએ પણ કહ્યું હતું કે, દિવાળીના તહેવારને લઈને તેઓ ખૂબ જ ઉત્સુક છે અને તે આ ખરીદી કરવા માટે પહોંચ્યા છે. આ વર્ષે કપડામાં પણ અલગ અલગ નવી વેરાઈટીઓ આવી છે. તો અલગ અલગ ડેકોરેશનની વસ્તુઓ પણ બજારમાં આવી છે જેને ખરીદવા માટે મોટી સંખ્યામાં લોકો પહોંચી રહ્યા છે.

રાજકોટની લાખાજી રાજ બજાર ઉપરાંત ધર્મેન્દ્ર રોડ બજાર સહિતના અલગ અલગ દુકાનોમાં પણ અત્યારે લોકો ખૂબ સારી ખરીદી કરી રહ્યા છે લોકોની ભીડથી શુષ્ક રહેલી બજારમાં પણ જાણે નવા પ્રાણ ફૂંકાયા હોય છે.

આ વર્ષે જીએસટીમાં પણ ઘટાડો થયો છે જેથી કરીને અનેક વસ્તુઓ સસ્તી બની છે જેનો લાભ પણ લોકો લઈ રહ્યા છે. રાજકોટ ઉપરાંત મોરબી સુરેન્દ્રનગર તેમજ જામનગર જિલ્લાના કેટલા ગ્રામ્ય વિસ્તારોમાંથી લોકો ખરીદી કરવા માટે રાજકોટ આવતા હોય છે.

# ૩૯ ગુના આચરી નવાઝે આખી ગુજરાત પોલીસને હંફાવી!

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

LCBએ કાલાવડ પંથકમાંથી ધાડપાડુ લૂંટારુ ટોળકીને દબોચી લીધી છે, આ ટોળકી પાસેથી કેબલ, વાહનો, હથિયારો, મોબાઈલ મળી ૪.૨૨ લાખનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. ઝડપાયેલી આ લૂંટારુ ટોળકી કાલાવડના અરલા ગામની ગોળાઈ પાસે હતી અને કોઈ ગુનાને અંજામ આપે એ પહેલા જ બાતમીના આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચે ત્રાટકી અને દબોચી લીધી હતી, પકડાયેલા ૫ શખ્સો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે જે પૈકી એક આરોપી સામે ૩૯ ગુના નોંધાયેલા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, જામનગર જિલ્લામાં વણઉકેલાય ગુનાને શોધી કાઢવા પોલીસની તપાસ ચાલી રહી હતી, દરમિયાન એલ.સી.બી.ની ટીમને બાતમી મળી હતી કે, કાલાવડ તાલુકાના મછલીવાડ ગામથી અરલા ગામ તરફ જવાના રોડ ઉપર લૂંટારુ ટોળકીના માણસો જીવલેણ ઘાતક હથિયારો ધારણ કરી, રોડ ઉપર પસાર થનાર માણસોને લૂંટી લેવા માટે તૈયારી કરવા એકઠા થયા છે. આ બાતમી આધારે પાંચ ઈસમોને જીવલેણ ઘાતક હથિયાર તથા ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડી ફરિયાદ નોંધાવી છે. LCB એ ઝડપી પાડેલા આરોપીઓમાં નવાઝ જુમાભાઈ દેથા સંધી ઉં.વ.૩૧ ધંધો મજૂરી રહે. પીરલાખાસર તા.ખંભાળીયા જી.દેવભૂમિ દ્વારકા; અજય કારુભાઈ સોલંકી દેવીપૂજક ઉં.વ.૨૯ ધંધો મજૂરી રહે. ઘંટેશ્વર પાસે, રાજકોટ મૂળ-અમરેલી; અલ્તાફ ઉર્ફે ભાયો ઈકબાલભાઈ બેલીમ ઉં.વ.૨૮ રહે. પરાપીપળીયા રાજકોટ; મિતભાઈ ઉર્ફે ગાંડો દિલીપભાઈ વાઘેલા ઉં.વ.૩૦ ધંધો રીક્ષા ડ્રાઈવીંગ રહે. રૈયાધાર રાજકોટ મૂળ-ભાણવડ જી.દેવભૂમિ દ્વારકા તથા વસીમભાઈ ઉર્ફે અંજુમ અબ્દુલભાઈ મુસાણી ઉં.વ.૨૫ રહે. પરાપીપળીયા, રાજકોટ મૂળ-સાવરકુંડલા જી.અમરેલીનો સમાવેશ થાય છે. પોલીસે કબજે લીધેલા મુદ્દામાલમાં કોપર કેબલ વાયર- ૨૨૦ મીટર, એક ઈકો ગાડી, એફઝેડ મો.સા/એક્ટિવા/સ્પ્લેન્ડર (૩ ટુવ્હિલર), ૪ મોબાઈલ, ૧ ગ્રાઈન્ડર મશીન, ઘાતક હથિયાર, કોયતો, છરી, ધારીયું, ધોકો, પાઈપ મળી ટોટલ રિકવર મુદ્દામાલની કિંમત રૂ. ૪,૨૨,૯૮૦નો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન શોધી કાઢેલ ગુનાઓમાં કાલાવડ ગ્રામ્ય ૨ સિક્કાના અને વધુ એક કાલાવડ ગ્રામ્યનો ગુનો ડિટેક્ટ થયો છે.

વધુમાં મુખ્ય આરોપી નવાઝ દેથા સંધી અગાઉ જામનગર, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પવનચક્કીના કેબલ વાયર ચોરીના ગુનામાં પકડાયેલ હોવાની માહિતી સામે આવી છે, જેથી પવનચક્કીના અર્થિંગ કેબલ વાયર કઈ રીતે કાપી શકાય, તેનાથી સંપૂર્ણ વાકેફ હતો, જ્યારે આરોપી નવાઝ દેથા સંધી અગાઉ રાજકોટ પરાપીપળીયા ગામે રહેતો હતો, ત્યારે તેની રાજકોટ ઘંટેશ્વર નજીક ચાની હોટલ પાસે ઉઠક બેઠક હતી, જેથી અન્ય આરોપીઓ ચાની હોટલે આવતા એકાબીજા અવારનવાર મળતા હતા અને જેથી નવાઝ દેથા સંધીએ આરોપીઓને સાથે મળીને કાલાવડ તાલુકામાં પવનચક્કીના અર્થિંગના કેબલ વાયર ચોરીનો આખો પ્લાન બનાવ્યો હતો. નવાઝ દેથા સંધીએ આરોપીઓને કહ્યું હતું કે, આ ચોરીમાં સાથે રહેશો તો ભાગ મળશે, તેમ કહેતા તમામ આરોપીઓ ચોરી કરવા જવામાં સહમત થયા હતા. આ પાંચેય ઈસમો તેમના હસ્તકની ઈકો ગાડી, એફઝેડ, એક્ટિવા, તથા સ્પ્લેન્ડર મો.સા લઈ મોડી રાત્રીના કાલાવડ તાલુકામાં આવેલ પવનચક્કીએ પહોંચ્યા હતા, જ્યાં આરોપી નવાઝ દેથા સંધી પવનચક્કીના થાંભલા ઉપર દોરડાની મદદથી ચઢ્યો હતો અને આર્થિંગના કોપરના કેબલ વાયર ગ્રાઈન્ડર મશીનથી કાપીને નીચે ફેંક્યા બાદ અન્ય આરોપીઓ આ વાયર ભેગો કરીને ત્યાંથી વાહનમાં ભરી અવાવરુ જગ્યાએ લઈ જઈ આ કેબલમાંથી કોપર વાયર અલગ કરી, ત્યાં છુપાવી એકઠો કરતા હતા. વધુમાં લૂંટારુ ગેંગના પકડાયેલા આરોપી નવાઝ જુમા સામે લાલપુરમાં ૧૨, ખંભાળીયામાં ૧૯, મેઘપર, દ્વારકા, જામજોધપુર, મળી કુલ ૩૯ ગુનામાં સંડોવાયેલ છે તથા અલ્તાફ બેલીમ વિરુદ્ધ ગાંધીગ્રામમાં ૭, વસીમ વિરુદ્ધ ગાંધીગ્રામમાં ૩, મિત વિરુદ્ધ ગાંધીગ્રામમાં ૨, અજય વિરુદ્ધ ગાંધીગ્રામમાં ૧ ગુનો નોંધાયો છે. આમ ટોળકીના સાગરીતોએ અગાઉ રાજકોટ તથા જામનગર, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખૂન, ખૂનની કોશિષ, લૂંટ, ઘરફોડ ચોરી, વાહન ચોરી, કેબલ ચોરી, મારામારી, દારૂ, જુગારના ગુનાઓ નોંધાયેલ છે. તેવી માહિતી જામનગર શહેર Dysp જયવીરસિંહ ઝાલાએ આપી છે.

વિધર્મી યુવકે જબરદસ્તીથી સગીરા સાથે બાંધ્યો સંબંધ

# મોબાઈલ પર વાત નહીં કરે તો મમ્મી-પપ્પાને મારી નાખીશ

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના થરાદમાં એક સનસનીખેજ ઘટના સામે આવી છે, જેમાં એક વિધર્મી યુવકે ૧૪ વર્ષની સગીર વિદ્યાર્થીની પર દુષ્કર્મ આચર્યું હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ યુવકે તેના મિત્રની મદદથી આ કૃત્ય આચર્યું હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી પ્રમાણે, એક મહિના અગાઉ વિધર્મી યુવકે શાળાએ જઈ રહેલી સગીર વિદ્યાર્થીનીને રિક્ષામાં બેસાડી હતી અને તેને એક હોટલમાં લઈ જઈ દુષ્કર્મ ગુજાર્યું હતું. આ કૃત્ય દરમિયાન વિધર્મી યુવકે વિદ્યાર્થીનીને મોબાઈલ ઉપર વાત નહીં કરે તો તેના માતા-પિતાને મારી નાખવાની ધમકી પણ આપી હતી, જેના કારણે ડરી ગયેલી વિદ્યાર્થીનીએ આ વાત કોઈને કરી ન હતી. જોકે, બાદમાં વિદ્યાર્થીનીએ સમગ્ર હકીકત તેના પરિવારજનોને જણાવી હતી. આ ગંભીર ઘટનાની જાણ થતાં પરિવારે તાત્કાલિક થરાદ પોલીસ મથકે પહોંચી દુષ્કર્મ ગુજારનાર વિધર્મી યુવક અને તેને મદદ કરનાર તેના મિત્ર સામે ફરિયાદ નોંધાવી છે. થરાદ પોલીસે આ સંવેદનશીલ કેસમાં સગીરાની ફરિયાદના આધારે આરોપી વિધર્મી યુવક અને તેના મિત્ર સામે પોક્સો (POCSO) એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આરોપીઓને ઝડપી પાડવા અને કેસની વધુ તપાસ શરૂ કરી છે.